RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, બીજો માળ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૭૯ પોષ-વદ ૧૨    ગુરૂવાર, તા.૧૯-૦૧-૨૦૨૩ અંક : ૨૦ વર્ષ : ૧૮    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# મુંબઈ-ગોવા હાઈવે પર અકસ્માત: ૯ના મોત



## મૃતકોમાં ચાર મહિલાઓ સામેલ: આ ઘટના રાયગઢના માનગાંવના રોપોલીમાં બની

મુંબઈ,
શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે મુંબઈ-ગોવા નેશનલ હાઈવે પર દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી છે. પ્રાથમિક વિગતો મુજબ આ અકસ્માતમાં ૯ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. આજે સવારના સમયે મુંબઈ-ગોવા હાઈવે પર ગોરેગાંવ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના રોપોલી ગામ પાસે ભયાનક અકસ્માત થયો હતો.મુંબઈ-ગોવા હાઈવે પર ગોરેગાંવ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના રોપોલી ગામ પાસે વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી છે. વિગતો મુજબ મુંબઈથી આવી રહેલ એક ફોર વ્હીલર કાર અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. ધુમ્મસના કારણે અકસ્માત થયો હોવાનું પ્રાથમિક અનુમાન છે. આ ઘટનામાં મૃતકોમાં ચાર મહિલાઓ અને પાંચ પુરૂષોનો સમાવેશ થાય છે. સદનસીબે ચાર વર્ષની બાળકીનો આબાદ બચાવ થયો હતો.

ઘટનાની માહિતી મળતા જ ગોરેગાંવ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તેઓએ સ્થાનિક ગ્રામજનોની મદદથી રાહત કાર્ય શરૂ કર્યું છે. આ અકસ્માતમાં ઘાયલ બાળકનો જીવ બચી ગયો છે, જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

## યૌન શોષણના આરોપ પર ખેલ મંત્રાલય એક્શનમાં

નવીદિલ્હી,
ખ્યાતનામ કુસ્તીબાજ વિનેશ ફોગાટે ભારતીય કુશ્તી મહાસંઘના પ્રમુખ અને બીજેપી સાંસદ બૃજભૂષણ શરણસિંહ ઘણા વર્ષોથી મહિલા પહેલવાનોનું યૌન શોષણ કરતા હોવાના ચોંકાવનારો આરોપ લગાવતા ચકચાર મચી છે. જેને લઈને રમત-જગતમાં ખળભળાટ મચી ગયો છે. કુસ્તીબાજ વિનેશ ફોગાટએ ચોધાર આશુએ આરોપ લગાવતા રમતગમત મંત્રાલયે તાત્કાલીક ઉહ્નેં પાસેથી જવાબ માંગ્યો છે. જેને લઈને આ વિવાદમાં હવે કેન્દ્રએ પણ હસ્તક્ષેપ કર્યો છે. મહત્વનું છે કે કોમનવેલ્થ ગેમ્સ અને એશિન ગેમ્સમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટે બુધવારે આરોપ લગાવ્યા હતા. જેનો જવાબ રજૂ કરવા ૭૨ કલાકનો સમય આપ્યો છે.

બીજી તરફ WFI પ્રમુખ અને બીજેપી સાંસદ બૃજભૂષણ શરણસિંહએ આ આરોપને નકારી કાઢ્યા છે તેમણે કહ્યું કે આરોપ પાયા વિહોણા છે આત્યંરે સુધી કેમ આ મુદ્દે કોઈ બહાર ન આવ્યું જો આ સાચા પડે તો હું ફાંસીએ ચડવા પણ તૈયાર હોવાનો દાવો કર્યો છે. મહત્વનું છે કે દિલ્હીના જંતર-મંતર ખાતે વિનેશ ચાર કલાકથી વધુ સમય સુધી ધરણા પર બેસ્યા બાદ તેમણે કહ્યું કે હું ૧૦-૧૨ મહિલા કુસ્તીબાજો વિશે જાણું છે જેમણે WFI પ્રમુખ દ્વારા આ અંગે કહેવાયું છે. તેમણે કહ્યું કે હું અત્યારે નામ નહિ આપું બાકી વડાપ્રધાન અને ગૃહમંત્રીને મળ્યા બાદ ત્યાં નામ આપીશ.

## મોદી સાથે તમારા સારા સંબંધ, અમારી ચર્ચા કરાવો : કંગાળ પાકિસ્તાને UAEને કરી વિનંતી

### પાકિસ્તાનની શાન આવી ઠેકાણે



નવીદિલ્હી,
અત્યંત કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલા પાકિસ્તાનને ભારતની યાદ આવી છે. તેણે ભારત સાથે વાતચીત કરવા માટે UAEના રાષ્ટ્રપતિને અપીલ કરી છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ગયા અઠવાડિયે સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનને વિનંતી કરી હતી કે, તેઓ ભારતને પાકિસ્તાન સાથે વાતચીત કરવા માટે તૈયાર કરે. બુધવારે એક પાકિસ્તાની અખબારે પ્રકાશિત કરેલા અહેવાલમાં આ વાતનો ખુલાસો થયો છે. અહેવાલ મુજબ, પાકિસ્તાનના PMએ સંયુક્ત આરબ અમીરાત (UAE)ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનને કહ્યું હતું કે તમારા ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ઘણા સારા સંબંધો છે અને તમે અમારા મુસ્લિમ ભાઈ છો, તેથી ભારતને અમારી સાથે વાતચીત કરવા માટે તૈયાર કરો. આ ઉપરાંત ગત મંગળવારે UAEની એક ન્યૂઝ ચેનલ દ્વારા શાહબાઝ શરીફનો ઈન્ટરવ્યૂ ટેલિકાસ્ટ કરાયો હતો. જેમાં પાકિસ્તાનના વડાપ્રધાને ખુદ મોદી અને ભારત સાથે વાતચીત માટે પોતાની આતુરતાની વાત સ્વીકારી છે. તેમણે વધુમાં કહ્યું કે, પાકિસ્તાન હવે શાંતિ ઈચ્છે છે અને આ માટે ગંભીરતાથી વાતચીત કરવી જરૂરી છે. મેં રાષ્ટ્રપતિ જાયદને વચન પણ આપ્યું છે કે પાકિસ્તાન હવે સંપૂર્ણ ઈમાનદારી સાથે અને પરિણામ મેળવવા વાતચીત કરવા ઈચ્છે છે. રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનના વડાપ્રધાને ભલે કોઈ વચન કે અપીલ કરી હોય, પરંતુ UAEએ શરીફની વાતને ગંભીરતાથી લીધી નથી. તેના દાખલા કે પુરાવાઓ પણ સામે આવી ચૂક્યા છે.

### તમે કોઈ પણ રીતે ભારતને ચર્ચા કરવા માટે મનાવો: વઝીર-એ-આઝમ

શાહબાઝ ગયા અઠવાડિયે જિનેવાથી પરત ફરતી વખતે UAE ગયા હતા. ત્યાંથી તેમને પૂર રાહત માટે ૧ અબજ ડોલરની લોન પણ મળી. બાદમાં તેમણે અહીં આ ન્યૂઝ ચેનલને ઈન્ટરવ્યૂ આપ્યો હતો. ઈન્ટરવ્યૂમાં એક સવાલ પર પાકિસ્તાનના વઝીર-એ-આઝમ કહે છે- મેં શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન પાસે મદદ માગી છે. મેં તેમને ભારતને વાતચીત માટે તૈયાર કરવા કહ્યું છે. UAE ભારત સાથે ખૂબ સારા સંબંધો ધરાવે છે. જો તે ઈચ્છે તો વડાપ્રધાન મોદી અને ભારતને વાતચીત માટે તૈયાર કરી શકે છે.



## ૧૫ વર્ષ જૂના તમામ વાહનો માટે ૧ એપ્રિલથી નવા નિયમો

### આવા વાહનો ફિટનેસ પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત : વાહન માલિકને બે વાર તક અપાશે

નવીદિલ્હી,
નીતિન ગડકરીએ નવા નિયમો જાહેર કર્યા છે. જેને કારણે ૧૫ વર્ષ જૂના તમામ વાહનો ભંગારવાડામાં ન જાય એ માટે તમારે ફિટનેસ પોલીસી કરાવવી પડશે. રિન્યુઅલ થયેલા વાહનો સામે પણ કાર્યવાહી થશે. ૧૫ વર્ષ જૂના તમામ વાહનો માટે ૧ એપ્રિલથી નવા નિયમો આવી રહ્યાં છે.

સ્ક્રેપિંગ પોલીસીનો અમલ કરવા રાજ્ય વાહન વ્યવહાર વિભાગે તૈયારી આદરી છે. ૧૫ વર્ષ જુનું વાહન હશે તો તે માર્ગ પર દોડી શકશે નહી. આવા વાહનો ફિટનેસ પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત છે. જો ફિટનેસ સેન્ટરમાં ફેઇલ થશે તો તે વાહન ભંગારવાડામાં જશે. વાહન વ્યવહાર વિભાગના સુત્રોના મતે, જાન્યુઆરીના અંત સુધીમાં ગુજરાતમાં ખાનગી ફિટનેસ સેન્ટરો શરૂ થઈ જશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત ૪૫ લાખથી વધુ વાહનો ૧૫ વર્ષ જૂના છે. આ તમામ વાહનો ભંગારમાં નાખવાનો ખતરો છે. વાહનોની ફિટનેસ જાણવા માટે કમ્પ્યુરાઈઝ્ડ ફિટનેસ સેન્ટર શરૂ કરવા ગુજરાતમાં તૈયારીઓ આરંભાઈ છે. વાહન વ્યવહાર વિભાગે નિયત ધારાધોરણો આધારે અત્યાર સુધીમાં કુલ ૨૪૦ ખાનગી ફિટનેસ સેન્ટરોને મંજૂરી આપી છે. આ ખાનગી ફિટનેસ સેન્ટરોમાં કેવી રીતે કામગીરી કરવી તે અંગે ફિટનેસ સેન્ટરના સંચાલકો અને વાહન વ્યવહાર વિભાગના અધિકારીઓ વચ્ચે બેઠકોનો દોર શરૂ થયો છે.

ખાનગી કંપનીઓને વધુમાં વધુ ૧૦ ખાનગી ફિટનેસ સેન્ટર ખોલવા મંજૂરી અપાય છે. સૂત્રોના મતે, ખાનગી ફિટનેસ સેન્ટરમાં રૂા.૨૦૦ ફી ચૂકવીને ૧૫ વર્ષ જૂના વાહનનુ ફિટનેસ જાણી શકાશે. વાહન માલિકને બે વાર તક અપાશે. જો બીજી વાર વાહન ફિટનેસમાં ફેલ થશે તો વાહનને ભંગારવાડામાં મોકલાશે. એટલું જ નહીં, નવું વાહન ખરીદવા માટે રોડે ટેક્સ અને રજીસ્ટ્રેશન ફીમાં મુક્તિ આપવા પ્રોત્સાહન આપવા વિચારણા ચાલી રહી છે. સ્ક્રેપિંગ પોલીસી હેઠળ સમગ્ર દેશમાં પહેલીવાર ગુજરાતમાં ખાનગી ફિટનેસ સેન્ટર શરૂ થઈ જશે.ફિટનેસ સેન્ટર માટે કેન્દ્ર સરકાર દ્વારા આ સપ્તાહમાં જ મંજૂરી મળી જાય તેવી સંભાવના છે. સુરતમાં સૌથી પહેલું ફિટનેસ સેન્ટર પણ શરૂ કરાશે. ખાનગી ફિટનેસ સેન્ટરમાં વાહન ફિટનેસ જાણીને વાહનમાલિકને ફિટને પ્રમાણપત્ર આપવામાં આવશે. ખાનગ ફિટનેસ સેન્ટરમાં ગેરરીતી થવાની શક્યતા રહેલી છે તે જોતા રાજ્ય વાહન વ્યવહાર વિભાગે સરકારી ફિટનેસ સેન્ટર શરૂ કરવા નક્કી કર્યુ છે. જો તમને એમ લાગે કે તમારું વાહન ફીટ છે અને પ્રામણપત્ર નથી મળી રહ્યું તો તમે સરકારી ફિટનેસ સેન્ટરમાં પણ અરજી કરો શકો છે. આ માટે સરકાર બાવળા અને અંજારમાં સરકારી ફિટનેસ સેન્ટર ખોલવા જઈ રહી છે.

## ત્રિપુરામાં ૧૬, મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન : ૨ માર્ચે પરિણામ આવશે




(એ.આર.એલ),નવીદિલ્હી,
ચૂંટણી પંચે ત્રણ રાજ્યોમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. મુખ્ય ચૂંટણી કમિશનરે પત્રકાર પરિષદ યોજીને કહ્યું કે, ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરી, મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન થશે. ચૂંટણીનું પરિણામ ૨ માર્ચે જાહેર કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યુ કે, ૩ રાજ્યોમાં કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. લોકતંત્રના પર્વની બધાને શુભેચ્છાઓ. તેમણે કહ્યું કે, લોકતંત્રમાં હિંસાને કોઈ સ્થાન નથી. નાગાલેન્ડ, મેઘાલય અને ત્રિપુરાનો પાંચ વર્ષનો વિધાનસભા કાર્યકાળ ૧૨ માર્ચ, ૨૨ માર્ચ અને ૧૫ માર્ચે સમાપ્ત થઈ રહ્યો છે. આ પહેલા નવી વિધાનસભાની રચના થવાની છે. ચૂંટણી પહેલા રાજકીય દળોએ પોતાની રણનીતિ પર કામ શરૂ કરી દીધુ છે. નોંધનીય છે કે મેઘાલય. ત્રિપુરા અને નાગાલેન્ડમાં ૬૦-૬૦ વિધાનસભા સીટો છે. આ સમયે ત્રિપુરામાં ભાજપની સરકાર છે તેથી ભાજપ ત્યાં વધુ ધ્યાન આપી રહ્યું છે.

## બદલાતી જીવનશૈલીના કારણે ભારતમાં કેન્સર જેવી ગંભીર બીમારીઓ મોટું જોખમ

### ૨૦૨૦માં દુનિયાભરમાંકેન્સરના ૧.૯૩ કરોડ નવા કેસ સામે આવ્યા અને એક કરોડ લોકોના મોત થયા

નવીદિલ્હી,
અમેરિકાના એક જાણીતા કેન્સર રોગ વિશેષજ્ઞએ અલર્ટ કરતા કહ્યું છે કે વૈશ્વિકરણ, વધતી અર્થવ્યવસ્થા, વસ્તી, અને બદલાતી જીવનશૈલીના કારણે ભારતે કેન્સર જેવી ગંભીર બીમારીઓની 'સુનામી'નો સામનો કરવો પડશે. તેને પ્રભાવી રીતે પહોંચી વળવા માટે તેમણે ટેક્નોલોજી આધારિત ચિકિત્સા ટેક્નિકના ઉપયોગ પર ભાર મૂક્યો છે. અમેરિકાના ઓહાયોમાં ક્લીવલેન્ડ ક્લિનિકના હેમેટોલોજી અને મેડિકલ ઓન્કોલોજી વિભાગના અધ્યક્ષ ડો. જેમ અબ્રાહમે કહ્યું કે કેન્સરની રોકથામ અને ઉપચાર માટે રસી, એઆઈ અને ડેટા ડિજિટલ ટેક્નિકનો વિસ્તાર અને લિક્વિડ બાયોપ્સીથી નિદાન તે ૬ ટ્રેન્ડમાં સામેલ છે જે આ સદીમાં કેન્સરના ઉપચારને નવું સ્વરૂપ આપશે.

એક આર્ટિકલમાં ડો.અબ્રાહમે કહ્યું છે કે અન્ય ત્રણ ટ્રેન્ડ જીનોમિક પ્રોફાઈલિંગ, જીન એડિટિંગ ટેક્નોલોજીના વિકાસ અને આગામી પેઢીના ઈમ્યુનોથેરેપી તથા સીએઆર ટી સેલ થેરેપીનો ઉપયોગ છે. તેમણે કહ્યું કે ડિજિટલ ટેક્નિક, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને ટેલીહેલ્થથી દર્દીઓ અને વિશેષજ્ઞો વચ્ચેની ખાઈ ઓછી થશે. આ સંભવિત રીતે આપણા દેશના આંતરિયાળ ભાગોમાં વિશેષજ્ઞોની દેખભાળની ઉપલબ્ધતામાં વધારો કરશે. જેમાં ગ્રામીણ વિસ્તારો પણ સામેલ છે જ્યાં આપણી મોટાભાગની વસ્તી રહે છે.

ડો. જેમ અબ્રાહમે કહ્યું કે જ્યારે આ ટેક્નિક્સ કેન્સરની દેખભાળમાં ક્રાંતિકારી ફેરફારો લાવશે તો આપણે તેને લાખો લોકો માટે કેવી રીતે સસ્તી અને સુલભ બનાવીએ એ ભારતની સામે સૌથી મોટો પડકાર છે.

## દરેકને સન્માન સાથે મરવાનો અધિકાર

## ઈચ્છામૃત્યુના નિયમોમાં સુધારો કરવા સુપ્રીમ તૈયાર

### કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ તેની સારવાર રોકવા માંગે છે તો તેને મંજૂરી આપવાનો નિયમ હોવો જોઈએ


(એ.આર.એલ),નવીદિલ્હી,
નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ પર ઐતિહાસિક ચુકાદો આપ્યાના ચાર વર્ષ બાદ સુપ્રીમ કોર્ટ ૨૦૧૮ના નિર્દેશોમાં સુધારો કરવા સંમત થઈ છે. કોર્ટે કહ્યું છે કે જે લોકો ગંભીર રીતે બીમાર છે અને જીવન નિર્વાહ કરી રહ્યા છે તેમને સન્માન સાથે મરવાનો અધિકાર છે. તેને કાયદાકીય ગૂંચમાં ન ફસાવી જોઈએ અને તબીબી નિષ્ણાતોએ પણ આ બાબતે સંજ્ઞાન લેવું જોઈએ. કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ તેની સારવાર રોકવા માંગે છે તો તેને મંજૂરી આપવાનો નિયમ હોવો જોઈએ.

જસ્ટિસ કેએમ જોસેફની અધ્યક્ષતાવાળી બેંચે કહ્યું કે, કોર્ટે મૃત્યુના અધિકારને પણ મૂળભૂત અધિકાર તરીકે જાહેર કર્યો છે. હવે તે જટિલ ન હોવું જોઈએ. આ બેંચમાં જસ્ટિસ અજય રસ્તોગી, અનિરુદ્ધ બોઝ, હૃષિકેશ રોય અને જસ્ટિસ સીટી રવિકુમાર સામેલ હતા. બેન્ચે કહ્યું કે લિવિંગ વિલને લઈને ૨૦૧૮માં બનાવવામાં આવેલી માર્ગદર્શિકામાં સુધારાની જરૂર છે. પરંતુ આપણે એ વાતનું પણ ધ્યાન રાખવું પડશે કે તેનો દુરુપયોગ ન થાય. ૨૦૧૮ના ચુકાદા મુજબ, લિવિંગ વિલ કોઈપણ પુખ્ત વ્યક્તિ કરી શકે છે અને તેના પર બે પ્રમાણિત સાક્ષીઓની હાજરીમાં સહી કરવી પડે છે અને પછી સંબંધિત ન્યાયિક મેજિસ્ટ્રેટ દ્વારા મંજૂરી આપવામાં આવે છે.

## કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સિમી પરના પ્રતિબંધને યોગ્ય ઠેરવ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૮
કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને સિમી પરના પ્રતિબંધને યોગ્ય ઠેરવ્યો છે.કેન્દ્રએ કોર્ટને કહ્યું છે કે તે ભારતમાં ઈસ્લામિક શાસન સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે કોઈપણ સંગઠનને અસ્તિત્વમાં રહેવા દેશે નહીં. કેન્દ્ર તરફથી કહેવામાં આવ્યું છે કે સિમી ભારતીય રાષ્ટ્રવાદની વિરુદ્ધ છે.

સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે એફિડેવિટ દાખલ કરીને કહ્યું કે સિમી ઈસ્લામિક સિસ્ટમ સાથે બદલાવ લાવવાનું કામ કરે છે. આ ભારતીય રાષ્ટ્રવાદની વિરુદ્ધ છે.



સૌરાષ્ટ્ર આસપાસ

# મન ફાવે તેમ વ્યાજ વસુલતા વ્યાજખોરોએ ધંધો અથવા ગુજરાત છોડવું પડશે: ઋષિકેશભાઈ પટેલ

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. રાજ્ય મંત્રીમંડળની આ બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અને થયેલી ચર્ચા અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર અનધિકૃત વ્યાજખોરો દ્વારા સામાન્ય નાગરિકોને કરવામાં આવતી કનડગત સાંખી લેશે નહીં. તેના માટે પોલીસ દ્વારા વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે.

અનધિકૃત રીતે વ્યાજખોરીનો વ્યવસાય કરતા વ્યાજખોરો વિરુદ્ધ રાજ્ય સરકાર મેગા ડ્રાઈવ ચલાવી રહી છે. તા. ૫મી જાન્યુઆરીથી ચાલી રહેલી મેગા ડ્રાઈવના બે અઠવાડિયામાં એટલે કે તા.૧૭ જાન્યુઆરી સુધીમાં ૧૦૭૭ વ્યાજખોરો સામે ગુના દાખલ કરવામાં આવ્યા છે, ૬૯૯ની ધરપકડ કરવામાં આવી છે અને ૬૪૩ વ્યાજખોરો સામે એફ.આઈ.આર દાખલ કરવામાં આવી છે, તેમ પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું.પ્રવક્તા મંત્રીએ વધુમાં જણાવ્યું કે, વ્યાજખોરોનો ભોગ બનેલા નાગરિકો ફરિયાદ કરી શકે અને પોલીસનું રક્ષણ મેળવી શકે તે માટે તા. ૧૭મી જાન્યુઆરી સુધીમાં રાજ્યભરમાં ૧૩૬૯ લોકદરબાર યોજાયા છે. મજબૂર નાગરિકોને વ્યાજે રૂપિયા આપ્યા બાદ મન ફાવે તેમ વ્યાજ વસુલતા વ્યાજખોરોએ આ ધંધો છોડવો પડશે અથવા ગુજરાત છોડવું પડશે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# જમાલપુર કાચની મસ્જિદ નજીક આંગડિયા કર્મચારી ઉપર ફાયરિંગ કરી રૂ.૨૯ લાખ ભરેલી બેગની લૂંટ



અમદાવાદ,

અમદાવાદમાં જમાલપુર કાચની મસ્જિદ નજીક પસાર થઈ રહેલા આંગડિયા પેઢીના કર્મચારી પર લૂંટારાએ ફાયરિંગ કરી રૂ. ૨૯ લાખની દિલધડક લૂંટ ચલાવી હતી. ૨૯ લાખ રૂપિયા ભરેલી બેગ લઈને લૂંટારો એક્ટિવા પર બેધડક પલાયન થઈ ગયો હતો. જોકે સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ મળી આવતા લૂંટારાની લગભગ ઓળખ થઈ ગઈ છે અને તેને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કરી દેવામાં આવ્યા છે.

રતનપોળ સ્થિત રામેશ્વર એન્ટરપ્રાઈઝ આંગડિયા પેઢીના કર્મચારીઓ રીતેશ પ્રજાપતિ અને ભાવેશ પટેલ એક્ટિવા પર જમાલપુર એપીએમસી માર્કેટ ખાતેથી ૬૫ લાખ રૂપિયા લઈને ઓફિસે જવા નીકળ્યા હતા. સાંજે બંને કર્મચારીઓ રાબેતા મુજબ રૂપિયા ભરેલા થેલા લઈને રતનપોળ તરફ જઈ રહ્યા હતા. રિતેશ પ્રજાપતિ એક્ટિવા ચલાવતો હતો જ્યારે ભાવેશ પટેલ પાછળ બેઠો હતો બે થેલામાં ૬૫ લાખ હતા. તેઓ જમાલપુર કાચની મસ્જિદ, દરવાજા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જ એક્ટિવા પર આવેલા એક યુવકે રસ્તા વચ્ચે તેમને ઊભા રાખી રિતેશ પ્રજાપતિના માથામાં પાઈપ ફટકારી હતી. અણધાર્યા હુમલાથી રિતેશ પ્રજાપતિ ડરી ગયો હતો અને તે કંઈ વિચારે તે પહેલાં જ કાળા કપડા, કાળા ચશ્મા અને માસ્ક પહેરીને આવેલા યુવકે તેની પાસેથી રૂપિયા ભરેલો થેલો આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો. ભાવેશ અને રીતેશે પ્રતિકાર કરતા થોડી ઝપાઝપી થઈ હતી. લોકોનું ટોળું પણ ભેગું થઈ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થતા તેણે પોતાની પાસેની પિસ્તોલમાંથી ફાયરિંગ કર્યું હતું. હવામાં ફાયરિંગ થતાની સાથે જ રીતેશ, ભાવેશ ડરી ગયા હતા. લોકોનું ટોળું પણ વિખરાઈ ગયું હતું.

# અમદાવાદ: અટલ બ્રિજ પરથી યુવકે નદીમાં ઝંપલાવ્યું, બે કલાક બાદ મૃતદેહ મળ્યો

અમદાવાદ,

શહેરનો અટલ બ્રિજ ફરવાનાં સ્થળોમાં હાલ લોકોનું મનપસંદ સ્થળ બની રહ્યું છે. ત્યારે મંગળવારે મોડી સાંજે અહીં ગોઝારી ઘટના ઘટી છે. આ બ્રિજ પરથી એક યુવકે નદીમાં ઝંપલાવ્યું હતુ. જે બાદ ફાયર બ્રિગેડ આ યુવકને શોધતા બે કલાકમાં જ યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ દૂર્ઘટનાની જાણ થતાની સાથે પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. નોંધનીય છે કે, અટલ બ્રિજ બન્યા બાદ આપઘાત કર્યાનો આ પહેલો બનાવ છે. આ યુવક પાલનપુરનો હોવાની માહિતી મળી રહી છે.

શહેરનાં અટલ બ્રિજ પર લગાવેલી ફ્રેમ પરથી યુવકે નદીમાં છલાંગ લગાવીને આત્મહત્યા કરી લીધી છે. જોકે, બ્રિજ પર સિક્યુરિટી અને બાઉન્સરની હાજરીમાં જ યુવકે કઇ રીતે બ્રિજ પરથી ઝંપલાવ્યું તે વિચારવાનો પ્રશ્ન છે. આ બનાવ સામે આવતાની સાથે જ લોકોમાં પણ રોષ દેખાઇ રહ્યો છે.

મળતી માહિતી પ્રમાણે, અટલ બ્રિજની ફ્રેમ પાસેથી એક મોબાઈલ ફોન પણ મળી આવ્યો છે. પોલીસ હવે તે દિશામાં પણ તપાસ કરી રહી છે કે આ મોબાઈલ નદીમાં પડનાર યુવકનો જ છે કે નહીં. આ ઉપરાંત આ યુવક કોણ છે અને આપઘાત પાછળના કારણ અંગે પણ તપાસ કરી રહી છે.

# હજીરામાં ૧૪ વર્ષની કિશોરીનો મૃતદેહને રાત્રે દફનાવતાં પહેલાં પોલીસે ઝડપી લીધા

## પિતાએ પોતાની પુત્રીએ આત્મહત્યા કર્યાનું જણાવ્યું : પીએમ રિપોર્ટમાં પણ તે જ કારણ ખુલ્યું

સુરત,

સુરતના હજીરા ગામમાં ૧૪ વર્ષની કિશોરીનું મોત થયા બાદ પરિવારજનો તેની દફનવિધિ કરવા લઈ જતા હતા. દીકરીને દફનાવતાં પહેલાં તેના મોત અંગે કોઈને જાણ કરવામાં આવી ન હતી. એને લઈને અનેક શંકાઓ ઊભી થઈ રહી છે. હજીરા પોલીસને જાણ થતાં કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. કિશોરીએ આપઘાત કર્યો હોવાનું પિતા કહ્યું હતું. હજીરા ગામમાં રહેતા એક પરિવારની કિશોરી ગઈકાલે મોતને ભેટી હતી, જેથી પરિવાર મોત થતાંની સાથે જ રાત્રિ દરમિયાન ટ્રેક્ટરમાં લઈને તેની દફનવિધિ કરવા માટે ગયો હતો. હજીરા પોર્ટ નજીક ખુલ્લી અવાવરૂ જગ્યામાં નાયકો કંપનીના ગેટ નજીક દફનાવવા માટેની વિધિ શરૂ કરી હતી.

હજીરા ગામમાં રહેતો એક પરિવાર ટ્રેક્ટરમાં દીકરીની લાશ લઈને દફનાવાની તૈયારી કરતો હતો. ત્યારે સ્થાનિક લોકોને જાણ થતાં પોલીસને જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળ પર જે ટીમ પહોંચી હતી તેણે જોયું કે દફનાવાની તૈયારી કરવામાં આવી રહી હતી. જેથી પોલીસે લાશનો કબજો લઈ લીધો હતો અને તેને પોસ્ટમોર્ટમ કરવા માટે મોકલવાની તજવીજ શરૂ કરી દીધી હતી. પોલીસે જે ટ્રેક્ટરમાં મૃતદેહને લઈ જવામાં આવ્યો હતો એ ટ્રેક્ટર પણ જપ્ત કરી લીધું છે.હજીરા વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની કિશોરીને પોલીસને જાણ કર્યા વગર દફનાવી દેવાની ઘટનાને લઈને ગામમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ હતી.

હજીરા વિસ્તારની અંદર સ્થાનિક લોકો ચર્ચા કરી રહ્યા છે કે આ દીકરીનું કુદરતી મોત થયું નથી, પરંતુ સુસાઇડ કરી લીધું હોય એવું જણાઈ રહ્યું છે. સુસાઈડ કરવા પાછળનું કોઈ કારણ અત્યારસુધી જાણવા મળ્યું નથી.

# શાળામાં વિધાર્થીઓ કોઈપણ કલરના સ્વેટર કે જેકેટ પહેરીને આવી શકે

## એક વિધાર્થીની અવસાન બાદ સરકાર એકશન મોડમાં

ગાંધીનગર,

ગુજરાતના રાજકોટમાં એક વિધાર્થીની અવસાન બાદ સરકાર એકશન મોડમાં જોવા મળી રહી છે. સરકારે મનમાની કરતી શાળાઓ પર લગામ ખેંચી છે. વિધાર્થીના મોત બાદ રાજ્યમાં અરેરાટી ફેલાઇ ગઇ જેને ધ્યાનમાં લઈને સરકાર સક્રીય થઇ ગઇ છે અને જે શાળાઓ મનમાની કરે છે તેમના માટે એક આદેશ આપ્યો છે. શિક્ષણ વિભાગે નિર્દેશ આપ્યા છે કે શાળામાં વિધાર્થી કોઈપણ કલરના સ્વેટર પહેરીને આવી શકે છે.આ સાથે કોઈપણ પ્રકારના ગરમ વસ્ત્રો પહેરીને આવી શકે છે. ગરમ કપડા પહેરીને આવવાની છૂટ આપવામાં આવી છે. હવે વિધાર્થીઓને શાળાના સ્વેટર નહીં પહેરે તો પણ ચાલશે હવે શાળાઓ તેમાં મનમાની અને વિધાર્થીઓ અને વાલીઓને આ સંદર્ભે કંઈપણ કહી શકશે નહી.

શિક્ષણ વિભાગે સરકારે સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે કોઈપણ કલરના સ્વેટર અને ગરમ વસ્ત્રો વિધાર્થીઓ પહેરીને આવી શકે છે. ખાનગી શાળાએ નિર્દેશનો અમલ કરવો પડશે નહીંતર શાળા સામે સરકાર એકશન લેશે. રાજકોટમાં વિધાર્થીઓના મોત બાદ હવે શાળાઓ તેમના સમયમાં પણ ફેરફાર કર્યો છે.

# ગુજરાતના નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સની યોજાઇ સમિક્ષા બેઠક

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતમાં રાજ્યમાં વિવિધ હાઈવે પ્રોજેક્ટ્સ પર ઉચ્ચસ્તરીય બેઠકમાં ચર્ચા

ગાંધીનગર,

ગુજરાત પ્રવાસે આવેલા કેન્દ્રીય સડક પરિવહન મંત્રી નીતિન ગડકરીની અધ્યક્ષતામાં ગુજરાતના નેશનલ હાઈવે પ્રોજેક્ટસની સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક આયોજિત કરવામાં આવી. આ બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નવસારીના સાંસદ સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા.નેશનલ હાઈવેના વિકાસ અને સુધારણા માટેના ૮૧ કામો માટે ગુજરાતમાં છેલ્લા આઠ વર્ષમાં વિવિધ હાઈવે પ્રોજેક્ટ માટે ૫૨,૭૭૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. જ્યારે ૩૦,૯૦૮ કરોડ રૂપિયાના ૧૩૬૬ કિમી.ના ૨૨ કામો આયોજનના તબક્કામાં છે.આમ ગુજરાતમાં નેશનલ હાઈવેના બાંધકામ અને સુધારણા માટે કુલ ૧,૦૮,૬૯૦ કરોડ રૂપિયા વાપરવામાં આવનાર છે.

રાજયમાં કાર્યરત મહત્વકાંક્ષી પ્રોજેક્ટ જેમાં અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ વે, દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે, અમૃતસર જામનગર એક્સપ્રેસ વે અને થરાદ અમદાવાદ એક્સપ્રેસ વે, અમદાવાદ-શામળાજી સિક્સ લેન, ભાવનગર-સોમનાથ ફોરલેન, પાલનપુર-સામખીયાળી, મોરબી-સામખીયાળી ફોરલેન, ધરોઈ-અંબાજી ફોરલેનની કાર્ય પ્રગતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં કેન્દ્રના સડક પરિવહન મંત્રાલયના અધિકારીઓ, નેશનલ હાઈવે ઓથોરિટીના સભ્યશ્રી તેમજ મુખ્યમંત્રીના સલાહકાર એસ.એસ. રાઠોર તથા રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ડોક્ટર સાથેના ફોટો બતાવી ટીમ લીડરે એક્ઝિક્યુટિવ યુવતી પર દુષ્કર્મ આચર્યું

વડોદરા

વડોદરામાં નોકરી કરતી યુવતીને તેના ડોક્ટર સાથેના ફોટા બતાવી બ્લેકમેલ કરીને અને લગ્નની લાલચ આપી સાથી કર્મચારી ટીમ લીડરે દુષ્કર્મ આચર્યું હતું. લગ્ન માટે યુવતી માતા-પિતા સાથે યુવાનને ઘરે ગયા હતા, ત્યારે યુવાનની માતાને યુવતીની જાતિની જાણ થયા બાદ જણાવ્યું કે, અમને પહેલાથી ખબર હોત તો, અમારા ઘરની ડેલી પણ ચઢવા ન દઈએ. અમે તારા ઘરનું પાણી પણ ન પીએ. તેવી જાતિ વિરૂદ્ધ અપશબ્દો બોલ્યા હતા. પીડિત યુવતીએ યુવાન અને તેની માતા સામે ગોત્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ગોત્રી પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ વિગત એવી છે કે, મૂળ દાહોદની વતની જાગૃતિ (નામ બદલ્યું છે) વડોદરામાં વર્ષ-૨૦૧૯માં વાસણા રોડ વિસ્તારમાં આવેલી એક કંપનીમાં એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરી હતી. તેની સાથે નિરજ અશોકભાઈ માળી (રહે. ૩, શિવરામનગર, અલવાનાકા પાસે, માંજલપુર) ટીમ લીડર તરીકે નોકરી કરતો હતો. નોકરી દરમિયાન બંને વચ્ચે મિત્રતા બંધાઈ હતી. મિત્રતા થયા બાદ નિરજ માળીએ જાગૃતિને દિવાળીપુરા વિસ્તારમાં ભાડે મકાન અપાવ્યું હતું.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે જાગૃતિ ભાડાના મકાનમાં તેના ભાઈ અને બહેન સાથે રહેતી હતી. જાગૃતિના પિતા વકીલ તરીકે કામ કરતા હોવાથી પત્ની સાથે દાહોદ રહે છે.

# ૨૨થી ૨૪ જાન્યુઆરી દરમિયાન પ્રદેશ ભાજપની કારોબારી મળશે

## ગુજરાતની ચૂંટણીમાં મળેવી ભવ્ય જીત માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માનવામાં આવશે

ગાંધીનગર,

ભાજપની રાષ્ટ્રીય કારોબારી પૂર્ણ થયા બાદ બાદ હવે પ્રદેશ ભાજપની કારોબારી બેઠક મળશે. આ બેઠક સુરેન્દ્રનગરમાં ૨૩ અને ૨૪ જાન્યુઆરીના રોજ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં મળશે. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રી મંડળના સભ્યો સહિત કારોબારીના હોદ્દેદારો ભાગ લેશે. તેમજ પ્રદેશ કારોબારીમાં રાષ્ટ્રીય કારોબારીના આર્થિક, રાજકીય પ્રસ્તાવને સમર્થન આપવામાં આવશે સાથે જ પ્રદેશ કારોબારીની બેઠકમાં ગુજરાતની ચૂંટણીમાં મળેવી ભવ્ય જીત માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માનવામાં આવશે. બેઠકમાં પીએમ મોદીને અભિનંદન આપતો પ્રસ્તાવ પાસ થશે. ઉપરાંત મિશન ૨૦૨૪ માટેના રોડ મેપ અંગે પણ ચર્ચા થશે.

આ સિવાય ૫૦ ખાસ આમંત્રિત સભ્યો અને ૧૭૯ કાયમી આમંત્રિત સભ્યો હોય છે. આ સભ્યોમાં વિવિધ રાજ્યોના મુખ્ય પ્રધાન, પૂર્વ મુખ્ય પ્રધાન, રાષ્ટ્રીય પ્રવક્તા, રાષ્ટ્રીય મોરચાના વડાઓ, વિવિધ રાજ્યમાં પક્ષના પ્રભારીઓ, સહ પ્રભારીઓ અને સંગઠન સાથે સંકળાયેલા મહત્વના પદાધિકારીઓનો સમાવેશ થાય છે. આ એક એવી બેઠક હોય છે, કે રાષ્ટ્રીય અધ્યક્ષે રાષ્ટ્રીય કાર્યકારિણીની સંમતિ લીધા પછી જ નિર્ણયો લેવાના હોય છે.ભાજપની સત્તાવાર વેબસાઈટ પર રાષ્ટ્રીય કાર્યકારિણી સભ્યોની યાદી જાહેર કરાયેલ છે. આ યાદી મુજબ, ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીમાં સમાવિષ્ટ અગ્રણી સભ્યો નીચે મુજબ છે.નરેન્દ્ર મોદી, લાલ કૃષ્ણ અડવાણી, ડૉ મુરલી મનોહર જોશી, રાજનાથ સિંહ, અમિત શાહ, નીતિન ગડકરી, પિયુષ ગોયલ, વિશાલ જોલી, કન્ના લક્ષ્મીનારાયણ, કિરેન રિજિજુ, બિજોયા ચક્રવર્તી, રવિશંકર પ્રસાદ, ગિરિરાજ સિંહ, ભાગીરથી દેવી, નિત્યાનંદ રાય, સરોજ પાંડે, અજય ચંદ્રાકર, લતા યુસેન્ડી, ડૉ.હર્ષવર્ધન, ડૉ સુબ્રહ્મણ્યમ, જયશંકર, મીનાક્ષી લેખી, રમેશ બિધુરી, મનોજ તિવારી, શ્રીપદ યેસો નાઈક, પુરુષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા, ભૂપેન્દ્ર યાદવ, કૃષ્ણ પાલ ગુર્જર, સુનીતા દુગ્ગલ, અનુરાગ ઠાકુર, જીતેન્દ્ર સિંહ, પ્રહલાદ જોષી, નિર્મલા સીતારામન, વી મુરલીધરન, કુમ્માનમ રાજશેખરન, નરેન્દ્ર સિંહ તોમર, જ્યોતિરાદિત્ય સિંધિયા, નરોત્તમ મિશ્રા, પ્રકાશ જાવડેકર, ડૉ. વિનય સહસ્રબુદ્ધે, ચિત્રા કિશોર વાળાનો સમાવેશ થાય છે.

# દાખલો કઢાવી આપવા મામલે તલાટીએ અરજદાર પાસે લાંચ માંગી, ACBએ રંગેહાથ ઝડપ્યો



મહેસાણા,

મહેસાણામા આવેલ નગલપુર ગ્રામ પંચાયત મા રહેલા ચાર્જ માં ફરજ બજાવતો તલાટી દાખલો કઢાવી આપવા મામલે ૧૫ હજાર લાંચ લેતા ઝડપાયો,સમગ્ર મામલે તલાટી એ અરજદાર પાસે દાખલો કઢાવી આપવા કુલ ૨૭ હજારમાં સોદો નકી કર્યો હતો.મહેસાણા જિલ્લામાં ACB એ બે સ્થળેથી લાંચ લેતા બેને ઝડપયા હતા જેમાં મહેસાણા ના ગિલોસન ગ્રામ પંચાયતનો તલાટી કમ મંત્રી સમિત ભાઈ બાબુભાઇ પટેલ જે નાગલપુર ગ્રામ પંચાયત નો પણ ચાર્જ સંભાળતો જતો જેની પાસે એક અરજદાર મકાનની આકારણી પત્રક બનાવવા માટે તલાટી પાસે દાખલા ની જરૂર પડતા દાખલો કઢાવવા આવ્યો હતો જ્યા તલાટીએ દાખલો કાઢી આપવા માટે અરજદાર પાસે ૨૭ હજાર રૂપિયા માગ્યા હતા જ્યા ૧૫ હજાર રૂપિયા કામ થાય પહેલા અને ૧૨ હજાર રૂપિયા કામ થયા પછી આપવાનું નકી કર્યું હતું.જેમાં અરજદાર તલાટીને લાંચ આપવા માંગતો નહોતો જેથી તેણે સમગ્ર મામલે ACB ને જાણ કરી હતી તેમજ ACB એ છટકું ગોઠવ્યું હતું જ્યા તલાટી મોઢેરા ચોકડી પાસે આવેલ વિમલ પાર્ટી પ્લોટ ની બાજુમાં ઉમિયા પાન પાર્લર પાસે અરજદાર પાસેથી ૧૫ હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપાયો હતો.

# મહાનગરોમાં લોક સુખાકારી કામો ઝડપી-સમય બદ્ધ ધોરણે હાથ ધરવાના સામુહિક વિચાર : મુખ્યમંત્રી



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકલ સેલ્ફ ગર્વનમેન્ટ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓ-અધિકારીઓ સાથે પ્રત્યક્ષ સંવાદનો એક નવતર અભિગમ અપનાવ્યો છે.

આ સંદર્ભમાં રાજયની ‘બ’, ‘ક’ અને ‘ડ’ વર્ગની નગરપાલિકાઓના પ્રમુખ, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન અને ચીફ ઓફિસરો સાથે ગુરૂવાર, તા.૧૯ જાન્યુઆરીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સિટી લિડર્સ કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી રાજ્ય સરકારના શહેરી વિકાસ-શહેરી ગૃહ નિર્માણ વિભાગે આ એક દિવસીય પરિસંવાદ યોજ્યો છે.

આ એક દિવસીય પરિસંવાદમાં મુખ્યત્વે રાજ્યની નગરપાલિકાઓ દ્વારા કરાયેલી શ્રેષ્ઠ કામગીરીની વિગતોનું આપસી આદાન-પ્રદાન, અમૃત ૨.૦ અન્વયે નગરપાલિકાઓની કાર્યવાહી તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને એફોર્ડેબલ હાઉસીંગ મિશન જેવા વિષયો પર સામુહિક ચર્ચા-મંથન હાથ ધરાવાનું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નગરો-મહાનગરોમાં લોક સુખાકારી માટે ઝડપી, સમયબદ્ધ અને ગુણવત્તાયુકત કામો હાથ ધરાય તે માટે આ સામુહિક વિચાર-મંથન-પરામર્શનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીના દિશાનિર્દેશનમાં રાજયની ૮ મહાનગરપાલિકાઓ અને ‘અ’ વર્ગની નગરપાલિકાઓ માટે આવી જ ‘‘સિટી લીડર્સ કોક્લેવ’’ તાજેતરમાં તા.૩૦ મી ડિસેમ્બરે યોજવામાં આવી હતી.

આ કોક્લેવની સફળતાને પગલે હવે રાજ્યની ‘બ’ ‘ક’ અને ‘ડ’ વર્ગની નગર પાલિકાઓના પદાધિકારીઓની આ એક દિવસીય કોક્લેવ યોજાઇ રહી છે.

# એમએસયુના નમાઝના વાયરલ વીડિયો મુદ્દે પોલીસની કાર્યવાહી, ધમકી આપનાર શખ્સની ધરપકડ

વડોદરા,

એમએસયુના નમાઝના વાયરલ વીડિયો મુદ્દે વિદ્યાર્થીને ધમકી આપનાર શખ્સની ધરપકડ કરાઈ. પોલીસે વિદ્યાર્થી કુલદીપ શર્માની અરજીના આધારે નાગરવાડા વિસ્તારમાંથી અમ્માર રશીદ ગજીયાવાલાની ધરપકડ કરી લીધી છે. વિદ્યાર્થી કુલદીપ શર્માએ નમાઝ પઢવા મુદ્દે મીડિયામાં નિવેદન આપ્યું હતુ. વિદ્યાર્થીના નિવેદન બાદ આરોપી અમ્માર રશીદ ગજિયાવાલાએ ફોન પર ધમકી આપી હતી. પોલીસે આરોપી પાસેથી ધમકી આપવા માટે વપરાયેલો મોબાઈલ કબજે લીધો છે. મહત્વપૂર્ણ છે કે પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ વિદ્યાર્થીને ધમકી આપ્યાની કબૂલાત કરી છે.

આપને જણાવી દઈએ કે, એમએસયુ યુનિવર્સિટીમાં ફરી એકવાર નમાઝ પઢવાનો વીડિયો વાયરલ થતા વિવાદ સર્જાયો છે. સંસ્કૃત ભવન બાદ હવે સાયન્સ ફેકલ્ટીમાં એક યુવતીનો નમાઝ પઢતો વીડિયો વાયરલ થતા સ્જી યુનિવર્સિટી સક્રિય થઇ ગઇ છે. યુનિવર્સિટીમાં હાઈપાવર શિસ્ત કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી.આ બેઠકમાં સાયન્સ ફેક્લ્ટીમાં નમાઝ પઢનારા વિદ્યાર્થીઓના નિવેદન લેવાયા. શિસ્ત કમિટીએ કોઇ કાવતરાના ભાગરૂપે તો નમાઝ નથી પઢવામાં આવી તે અંગે વિદ્યાર્થીઓની પૂછપરછ કરી છે.

# પઠાણ રિલીઝ કરવી કે નહિ..? થિયેટર સંચાલકો ટેન્શનમા: સરકારને પત્ર લખ્યો



અમદાવાદ,

ગુજરાતના થિયેટરમાં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણની બહુચર્ચિત ફિલ્મ પઠાણ રિલીઝ થશે કે નહિ તેની ચર્ચા છે. કારણ કે, ગુજરાતમાં ’પઠાણ’ ફિલ્મ રિલીઝને લઈ સિનેમા માલિકો અસમંજસની સ્થિતિમાં મૂકાયા છે. મલ્ટિપ્લેક્સ એસોસિયેશને મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીને આ મામલે પત્ર લખ્યો છે.

જેમાં સરકાર પાસેથી ફિલ્મના રિલીઝની સ્પષ્ટતા માંગવામાં આવી છે. તેમજ જો ફિલ્મ ગુજરાતમાં રિલીઝ થાય તો સુરક્ષા આપવાની પણ માંગણી કરાઈ છે. જેથી કોઈ અડચણ ન આવે.

આ મહિનામાં ૨૫ જાન્યુઆરીના રોજ શાહરૂખ ખાનની અપકમિંગ ફિલ્મ પઠાણ રિલીઝ થવીન છે. જેને લઈને બોલિવુડના બાદશાહ એક્સાઈટેડ છે. હાલમાં જ રિલીઝ થયેલા તેમના ફિલ્મના ટ્રેલરને વર્લ્ડવાઈડ સારો રિસ્પોન્સ મળ્યો છે. જેની અસર તેના એડવાન્સ બુકિંગ પર દેખાઈ રહી છે. પરંતુ ગુજરાતમાં ફિલ્મના રિલીઝ પર થિયેટર એસોસિયેશન અસમંજસમાં છે. થિયેટર એસોશિએશને સરકાર પાસે ફિલ્મ રિલીઝ અંગે પત્ર લખીને સ્પષ્ટતા માંગી છે. થિયેટર એસોસિયેશને પત્રમાં કહ્યું કે, જો ગુજરાતમાં ફિલ્મ રિલીઝ થવાની હોય તો અમને સુરક્ષા આપે.


ગુજરાતમાં પઠાણ ફિલ્મની રીલીઝને લઈ કેટલાક સંગઠનોએ ચેતવણી આપી છે. ૨૫ જાન્યુઆરીએ શાહરુખ ખાનની પઠાણ ફિલ્મ રિલીઝ થવાની છે. ત્યારે આ મામલે મલ્ટીપ્લેક્સ થિયેટર એસોસિયેશનના સભ્યો આજે મુખ્યમંત્રીને મળીને રજુઆત કરશે. કારણ કે, જો કોઈ અનિચ્છનીય ઘટના બની કે વિરોધ થયો તો તેઓને નુકસાન થઈ શકે છે.

# અમરેલીમાં રવિવારે રાજયભરનાં ૩ હજાર સ્પર્ધકો 'મેરેથોન'માં જોડાશે

## જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ વિભાગ, ગુજરાત એથલેટિકસ અને લક્ષ્મી ડાયમંડ અને ગજેરા ટ્રસ્ટનાં અશોક ગજેરાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશેઃ કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહેશે

મિલાપ રૂપારેલ અમરેલી,
ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા ધ્વારા આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત સ્વસ્થ ભારત, શ્રેષ્ઠ ભારત અભ્યાસનાં સંદેશ સાથે ઓપન ગુજરાત મેરેથોનની તડામાર તૈયારી થઈ રહી છે. શાંતાબા ગજેરા મેરેથોન-અમરેલીમાં આશરે ૩,૦૦૦થી પણ વધુ સ્પર્ધકો ભાગ લઈને પોતાનું આગવું કૌશલ્ય બતાવશે. શાંતાબા ગજેરા મેરેથોનમાં મેન અને વુમેન બન્ને માટે કોમ્પીટીશન રાખવામાં આવી છે તથા ફન રનનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ મેરેથોનનાં સ્પોનસર ગજેરા ચેરિટેબલ ટ્રસ્ટ, લક્ષ્મી ડાયમંડ, સુરક્ષા સેવા સેતુ તથા વિદ્યાસભા સ્કૂલ ધ્વારા વિનર ખેલાડીઓને ટી-શર્ટ, મેડલ, સર્ટીફીકેટ તથા ૧ થી ૫ નંબર વિજેતા ખેલાડીઓને રૂા. ૨૫૦૦થી લઈને ૨૧,૦૦૦ સુધીની રોકડ રકમ સ્પોનસરો ધ્વારા આપવામાં આવશે. જિલ્લા કલેકટર ગૌરાંગમકવાણા, એસપી હિમકરસિંહ, ડીડીઓ દિનેશ ગુરવનાં હસ્તે મેરેથોનનું પ્રસ્થાન. અમરેલી તથા ગુજરાતની તમામ જનતાને તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૩ને રવિવારનાં રોજ સવારે ૫ કલાકે વિદ્યાસભા કેમ્પસ ખાતે શાંતાબા ગજેરા મેરેથોનમાં સ્પર્ધકોને પ્રોત્સાહન કરવા અને ફન રનમાં ભાગ લેવા માટે સ્પોનસરો ધ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના સંદેશ સાથે કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલનાં માર્ગદર્શનતળે સમગ્ર આયોજનની તડામાર તૈયારીઓ થઈ રહી છે. એમ વિદ્યાસભાની યાદીમાં જણાવેલ છે.

# લાઠી : પીજીવીસીએલની કચેરી દરરોજ રાષ્ટ્રગાન સાથે શરૂ થાય છે

**જનતાનાં કાર્યોનો ફટાફટ નિકાલ સાથે જીવદયા માટે પણ કર્મચારીઓ ખડેપગે જોવા મળે : આઝાદી પહેલાનાં સમયમાં બનેલ રજવાડી મકાનમાં બેસતી કચેરીની કામગીરીની ઠેર-ઠેર પ્રશંસા : સીસીટીવી, સ્વચ્છતા અને સેવાની સુંગધ ફેલાવતી કચેરી દરેક સરકારી કચેરી માટે પ્રેરણાસમાન બની**

અમરેલી,
સામાન્ય રીતે સરકારી કચેરીઓમાં સ્ટાફ, અધિકારી કે કચેરીનું વાતાવરણ જનતાને સાનુકૂળ આવતું ન હોય પણ લાઠીની એક એવી કચેરી જે રજવાડી સમયનાં બિલ્ડિંગમાં કાર્યરત હોવા છતાં કોર્પોરેટ ઓફિસ હોય તેવુંવાતાવરણ અને આવનાર અરજદારો માટે ગાર્ડન સહિતની સુદ્રઢ સુવિધા સાથેની કચેરી અન્ય સરકારી કચેરીઓને પ્રેરણા આપે તેવી નિર્માણ હોય ને અધિકારી, સ્ટાફની કામગીરીથી આવતા અરજદારો પણ સંતુષ્ટ હોય પણ કચેરીની વિશેષતા એ છે કે દરેક કર્મીઓ ઓફિસ સમય પહેલા રાષ્ટ્રગીત ગાયા બાદ જ કચેરીનું કામકાજ શરૂ કરે છે.

લાઠી ગામની પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની પેટા વિભાગીય કચેરી ૧૯૩૮માં રજવાડી સમયમાં બનેલા આ બિલ્ડિંગમાં બેસતી કચેરી જાણે કોર્પોરેટ ઓફિસ હોય તેવી પીજીવીસીએલના કર્મીઓ અને અધિકારીઓની સેવાની ભાવનાઓને સાર્થક કરતી કચેરી કહેવાય છે.

પીજીવીસીએલની કચેરી બહાર ગાય માતા માટે અવેડો તો પક્ષીઓ માટે ચબૂતરો અને પીજીવીસીએલના કામ સબબ આવતા અરજદારો માટે બેસવા માટેના આધુનિક ઝુલાઓ, બેંચ અને ગાર્ડન ટાઈપની આખી કચેરી જોવા મળી રહી છે. પશુ-પંખીઓને પાણી, ચણ જેવી સુવિધાઓ સાથે આ કચેરીની વિશેષ વિશેષતા એ છે કે કચેરીનો સમય શરૂ થવા પહેલા પીજીવીસીએલના અધિકારી સહિત તમામ કર્મચારીઓ કચેરીમાં રાષ્ટ્રગાન ગાયને બાદ જ કચેરીનું કામકાજ શરૂ થાય છે. સરકારી કચેરીમાં કયાંય રાષ્ટ્રગાન સાથે કામકાજ શરૂ થતું હોય તેવી એકમાત્ર રાજયની લાઠીની પીજીવીસીએલ પેટા વિભાગ કચેરી છે. જેમાં છેલ્લા પાંચવર્ષથી રાષ્ટ્રગાન બાદ જ કચેરીના કાર્યનો શુભારંભ થાય છે. લાઠી પીજીવીસીએલ કચેરીમાં ૨૮ ગામડાઓ અને લાઠી શહેર આવ્યું છે પપનો સ્ટાફ છે પરંતુ કચેરીનું બિલ્ડીંગ અને કચેરીના કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠા ઉડીને આંખે વળગે તેવી છે. અહીં આવતા એક પણ અરજદારને આજ દિન સુધી કયારેય ધક્કા ખાવા પડયા હોય તેવું બનયુ નથી. દરેક ગ્રાહકોને સમજણ સાથેની શીખ અહીંની કચેરીના સ્ટાફવાળા કર્મીઓ આપે છે સાથે અરજદારોનું ધ્યાન રાખતા કર્મીઓ ગાયોના અવેડાથી લઈને પક્ષીઓ માટેના ચબૂતરા, ચણ, પાણી સહિતની સવલતો પક્ષીઓને મળે તેની પણ પૂરતી તકેદારી લાઠી પીજીવીસીએલ કચેરીનો સ્ટાફ રાખી રહ્યો છે. જુનવાણી સમયની આખી આ બિલ્ડિંગમાં જાણે કોર્પોરેટ કંપની હોય તે રીતનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. સીસીટીવી, સ્વચ્છતા, આધુનિક ગાર્ડન સહિતની સગવડતાઓને કારણે આવનારા અરજદારો ખૂબ જ ખુશ થાય છે.

લાઠીની પીજીવીસીએલનો પાવર હાઉસ જાણે એક નયન રમ્યો બગીચો હોય અને ૧૯૩૮નું બિલ્ડીંગ જાણે હાલની કોર્પોરેટ ઓફિસ હોય તેવા વાતાવરણ સાથેની કચેરી એકમાત્ર લાઠીમાં હોય અને અધિકારી દ્વારા સ્વચ્છતા અને સુંદરતાના સમન્વયને સાર્થક કરતી પીજીવીસીએલ કચેરી અન્ય સરકારી કચેરીઓ માટે પ્રેરણા સમાન બની છે.

# મોરબી નવયુગ ગ્રુપ ઓફ એજયુકેશનના પ્રમુખના પુત્રના જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી




સન્ની વ્યાસ દ્વારા મોરબી, તા. ૧૯
મોરબીમાં નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના પ્રમુખ પી ડી કાંજીયાના પુત્ર ક્રિષ્નનો જન્મ દિવસ હોવાથી જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી જેમાં જે દંપતી માતા-પિતા બનવા જઈ રહ્યા છે તેમને 'ગર્ભ સંહિતા' ભાગ ૧ અને ૨ પુસ્તકો ભેટ સ્વરૂપે આપી અને જે માતા-પિતા બની ચૂક્યા છે તેમને બાળકોનો ઉછેર કેવી રીતે કરવો તે માટે "બાળ ઉછેર બે હાથમાં" પુસ્તકો ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

અગાઉ આ પુસ્તકો ૧૦૦૦ નંગની આસપાસ પી. ડી. કાંજિયા દ્વારા જરૂરિયાત ધરાવતા લોકોને આપવામાં આવેલ હતી આજે ક્રિષ્નના જન્મદિવસ નિમિત્તે ૨૦૦ થી વધુ પુસ્તકોનું ભેટ સ્વરૂપે વિતરણ કરવામાં આવેલ. આ સિવાય શિયાળાની કાતિલ ઠંડીથી બચવા બ્લેક્રેટ જરૂરિયાત મંદ લોકોને વિતરણ કરવામાં આવેલ તેમજ ગાય માતાને ઘાસચારો આપેલ આટલું કાર્ય કરવા ઉપરાંત સરકારી શાળાઓમાં જઈને ૨૫૦૦ જેવા વિદ્યાર્થીઓને અલ્પાહાર કરવો હતો.

# અમરેલી માર્કેટયાર્ડમાં 'રોડ સેફટી અવેરનેસ' સેમિનાર યોજાયો




અમરેલી,
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ મુખ્ય યાર્ડમાં ૩૩માં રાષ્ટ્રીય રોડ સેફટી વીકઅંતર્ગત કલેકટરના માર્ગદર્શન હેઠળ એ.આર.ટી.ઓ. તથા જિલ્લા ટ્રાફિક વિભાગ દ્વારા સેફટી અવેરનેસ અંતર્ગત માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં અમરેલી જિલ્લા આર.ટી.ઓ. ઓફિસર પઢીયાર તથા તેમની ટીમ તેમજ જિલ્લા ટ્રાફિકની ટીમ દ્વારા ખેડૂતભાઈઓ તથા વાહન ધારકોને વાહન અકસ્માત નિવારવા રોડ સેફટી અંગે ખૂબ જ સરસ માર્ગદર્શન પૂરૂ પાડેલ તથા યાર્ડમાં આવેલ તમામ વાહનોમાં વિનામૂલ્યે રેડીયમ પટ્ટીઓ લગાવી આપેલ તથા વાહન ચલાવતી વખતે સીટબેલ્ટ બાંધવા, હેલ્મેટ પહેરવા, મોબાઈલનો ઉપયોગ ન કરવા તથા ટ્રાફિક નિયમોનું ચૂસ્તપણે પાલન કરી સહયોગ આપવા અનુરોધ કરેલ. આ સેમિનારમાં યાર્ડમાં આવેલ બહોળી સંખ્યામાં ખેડૂતો તથા વાહન ધારકોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવી ૩૩માં રાષ્ટ્રીય રોડ સેફટી વીક કાર્યક્રમને સારો એવો પ્રતિસાદ આપેલ તેમ બજાર સમિતિના સેક્રેટરી તુષાર હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ.

# મોરબીમાં વોટસએપ કોલ કરી યુવકને ધમકાવી રૂપિયાની માંગણી કરનાર ચાર ઝડપાયા



મોરબી, તા. ૧૯
હળવદ તાલકાના જુના દેવળિયા ગામના રહેવાસી યુવાનને વ્હોટસએપ કોલ કરીને કાર લોન મામલે ફોન પર વાત કરતા તેનો ગેરલાભ લઈને ત્રણ ઈસમોએ દસ લાખ રૂપિયાની માંગણી કરી રૂપિયા નો આપે તો દીકરાને ઉપાડી જવાની ધમકી આપી હતી જે બનાવ મામલે યુવાને મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી જે પ્રકરણમાં ચાર ઈસમોને ઝડપી લીધા છે તો અન્ય એક આરોપીની શોધખોળ ચલાવી છે.

હળવદના જુના દેવળિયા ગામના રહેવાસી અને જેતપર ગામે દુકાન ધરાવતા કૃણાલ વિનોદભાઈ અઘારા (ઉ.વ.૨૪) નામના યુવાને પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે આજથી દોઢ બે માસ પૂર્વે વોટસએપ કોલ કરીને પ્રિયાબેન રાજકોટ દ્વારકેશ ઓટોલીંક નામની ફાયનાન્સ પેઢીમાંથી બોલતા હોવાની ઓળખ આપી કાર લોન બાબતે ફોન કરતા હતા અને અવારનવાર ફોન પર વાત કરતા તે બાબતનો ગેરલાભ ઉઠાવીને આરોપી શ્યામ રબારી રહે રાજકોટ વાળાએ ફોન કરી કૃણાલ અઘારાએ ફોન પર ધમકાવી ગાળો આપી તું મારી પત્ની સાથે ફોન પર કેમ વાતો કરે છે કહીને ઘરેથી ઉપાડી જઈશ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને આરોપી જયદીપસિંહ મહેન્દ્રસિંહ જાડેજા તેમજ રવિ દિલીપ ખટાણા વચ્ચે પડી મુખ્ય આરોપી શ્યામ રબારી સાથે સમાધાનની વાત થઇ ગયેલ છે અને દસ લાખ તેને ચૂકવી દીધા છે જે રૂપિયા તારે આપવા પડશે કહીને ધમકી આપી હતી જેથી ફરિયાદી યુવાને મોબાઈલ ફોન બંધ કરી દેતા પિતાના મોબાઈલ પર ફોન કરી દીકરાનું સમાધાન કરાવેલ છે તેના રૂપિયા દસ લાખની માંગણી કરી દીકરાને ઉપાડી જઈને મારી નાખશું તેવી ધમકી આપી હતી.

## વરૂડી ગામની સીમમાં વીજપોલ સાથે દોરી બાંધી ખેડૂત યુવકે કર્યોઆપઘાત

અમરેલી તાલુકાના વરૂડી ગામે રહેતા અને ખેતીકામ કરતા અરૂણભાઈ ભરતભાઈ ગોજારીયા નામના ૩૧ વર્ષીય ખેડૂત યુવકે તા. ૧૬ના રોજ સાંજના સમયે વરૂડી ગામની સીમમાં આવેલ વાડીએ ઈલેકટ્રીક ટીસી રાખેલ બન્ને થાંભલાની લોખંડની એંગલ સાથે દોરી બાંધી પોતાની મેળે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતાં ખેડૂત યુવકનું મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ખીસરી ગામે રહેતી પરિણીતાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા અરેરાટી

ધારી તાલુકાના ખીસરી ગામે રહેતા સવિતાબેન ભગુભાઈ વાઘેલા નામની ૩૫ વર્ષીય પરિણીતા તા.૧૬ના રોજ મજુરી કામે ગયા બાદ સાંજે પોતાના ઘરે પરત આવેલ અને બાદમાં કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં અમરેલી ખાનગી દવાખાને અને બાદ સરકારી દવાખાને ખસેડાતા તેણીનું મોત નિપજયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# અમરેલીમાં 'ઈફકો'નાં સહયોગથી ગરમ ધાબળાનું વિતરણ






અતુલ કારીયા અમરેલી,
ઈફકો માત્ર સહકારી પ્રવૃતિનું જ માધ્યમ નહિં પરંતુ સામાજીક સેવા પ્રવૃતિઓમા પણ અગ્રેસર રહી કામ કરી રહેલ છે જેમા છેલ્લા કેટલાક દિવસથી હાડ થીજાવે તેવી કડકડતી ઠંડી સામે રક્ષણ મેળવવા ઈફકો દ્વારા દિલીપ સંઘાણીના માર્ગદર્શન તળે શહેરના વિવિધ વિસ્તારોના જરૂરતમંદોને બ્લેક્રેટ વિતરણ કરીને ઠંડીમા માનવતાની હૂંફ પ્રસરાવી છે. શહેરના રામજી મંદિર ચોક વિસ્તારના ભીક્ષુકો સહિતના અન્ય વિસ્તારોના લોકો કે, બ્લેક્રેટ વિતરણ કરવામા આવેલ આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, વા. ચેરમેન મુકેશભાઈ સંઘાણી, એમ.ડી. ડો. આર.એસ. પટેલ, જનરલ મેનેજર ધાર્મીકભાઈ રામાણી, ભાજપ અગ્રણીતુષારભાઈ જોષી, રાજેશભાઈ માંગરોળીયા, નગર પાલીકા કારોબારી સમિતિના ચેરમેન સુરેશભાઈ શેખવા, હરિભાઈ બાંભરોલીયા, અશોકભાઈ જોગાણી, ઋજુલભાઈ ગોંડલીયા, ઈફકોના ફીલ્ડ ઓફીસર પ્રતિકભાઈ રામાણી સહિતના લોકો આ તકે ઉપસ્થિત રહયા હોવાનું સંસ્થાની અખબારી યાદીમા જણાવાયેલ છે.

# ચલાલાની પવિત્ર ભૂમિ ઉપર પરમવંદનીય સંત શ્રી હરિરામબાપાનાં નામકરણ સાથે સર્કલનું ભૂમિપૂજન

અમરેલી,
પરમવંદનીય સંતશ્રી હરીરામબાપા એ તેમના જીવનકાળ દરમિયાન અમરેલી જિલ્લાની કર્મભૂમિ તરીકે કાર્ય કરી આ જિલ્લાના વિવિધ કેન્દ્રોમાં હરી કિર્તન કરી બહોળા ચાહકવર્ગને ભોજન અને ભજનનો અનન્ય લાભ આપેલ હતો.

અંશાવતાર પૂ. શ્રી દાન મહારાજની તપોભૂમિ એવા ચલાલા દાનેવધામ નગરી પણ અવાર નવાર પૂ. દાન મહારાજની જગ્યામાં આવી તત્કાલીન મહંત પૂ. શ્રી વલકુબાપુ સાથે પણ ભકિતભાવનો સત્સંગ કરેલ છે.

પૂ. દાન મહારાજની આ તપોભૂમિ ઉપર પૂ. હરીરામબાપાની સ્મૃતિ કાયમી રહે તે માટે ચલાલા નગરપાલીકાની સમગ્ર ટીમ તથા ધારી બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાના સક્રિય પ્રયાસોથી શાકમાર્કેટમાં ચલાલા પોલીસ સ્ટેશનની સામે પૂ. હરીરામબાપા ચોકનુંનામાભિકરણ કરી તેમના નામનું સર્કલ બનાવી પૂ. હરીરામબાપાનું તૈલ ચિત્ર પધરાવવાનો નિર્ણય કરેલ છે.

જે અન્વયે તા.૧૯/૦૧ને ગુરૂવારના રોજ સવારે ૯:૩૦ કલાકે પૂ. દાન મહારાજની જગ્યાના મહંત શ્રી મહાવીરબાપુ તથા યુગ નિર્માણ ગાયત્રી પરિવારના પૂ. રતીદાદા મહેતાના આર્શીવચનો સાથે પૂ. હરીરામબાપા સર્કલના નિર્માણના કાર્યના પ્રારંભ નિમિતે ખાતમુર્હુત સુધી ચલાલા નગરપાલીકાના પ્રમુખ ગીતાબેન પ્રકાશભાઈ કારીયા, ઉપપ્રમુખ જયરાજભાઈ વાળા તથા કારોબારી સમિતિના ચેરમેન ચંપાબેન ગેડીયા તથા ચલાલા નગરપાલીકાના તમામ સદસ્યો અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં ખાતમુર્હુત વિધી હાથ ધરાયેલ છે.

**ઈ-ટેન્ડર નોટીસ**

સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (IWMP)અંતર્ગત પ્રોજેકટ આઈ ડબલ્યુએમપી-૨૩ હેઠળના ગામમાં વર્કફેઈઝ અંતર્ગતના કામો માટે ઓનલાઈન ભાવ પત્રક મંગાવવામાં આવે છે.ભાવ ઈ-ટેન્ડરીગ ધ્વારા ભરી શકાશે.જે અંગેની વિગત ટેન્ડર www.nprocure.comવેબસાઈટ પરથી જોઈ,ડાઉનલોડ અને અપલોડ કરવાનું રહેશે.ટેન્ડર ટુ બીડ સિસ્ટમ મુજબ ભરવાનું રહેશે. જેમા ટેકનીકલ બીડમાં ઓનલાઈન જોડેલા તમામ દસ્તાવેજો ઉપરાંત ટેન્ડર ફી અને ઈએમડી ના ડિમાન્ડ ડ્રાફ્ટ અલગથી બંધકવરમાં વેબસાઈટ પરથી તમામ વિગતો મુજબરજી.એડી./સ્પિડ પોસ્ટથી મોકલવાના રહેશે.રૂબરૂ કે કુરીયરથી મોકલેલા ટેકનીકલ બીડમાન્યગણાશે નહી.મોકલેલા તમામ દસ્તાવેજો સ્વપ્રમાણીત કરી મોકલવાના રહેશે. વધુ વિગતો માટે IWMP23વોટરશેડ વિકાસ કમીટી, મોટાઝીજુડાની કચેરીના કામકાજ સમય દરમ્યાન (જાહેર રજા ના દિવસો સિવાય) સંપર્ક સાધવાનો રહેશે. ટેન્ડર મંજુર કરવા કે નામંજુર કરવાની સંપુર્ણ સતા વોટરશેડ વિકાસ કમીટીની રહેશે.

સરનામુ
આઈ.ડબલ્યુ.એમ.પી-૨૨/૨૩ કલસ્ટર ઓફિસ,
યોગી દર્શન,રમેશભાઈ પટેલ (બી.ઓ.બી.)પીન.૩૬૪૫૧૫
કલ્યાણ સોસાયટી મહુવા રોડ તા.સાવરકુંડલા જિ.અમરેલી

જિમાક/અમર/૪૨૦/૨૨

**ઓન લાઈન ટેન્ડર જાહેર નિવિદાનં.૧૫ ને.૨૦૨૨-૨૦૨૩ (બીજીવાર)**

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,(સ્ટેટ), મુખ્ય પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન નં. ૨૨૩૧૦૦, દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના **બ્રિજ વર્ક ( સ્લેબ ડ્રેઈન) ના કામ** માટે ઈ-ટેન્ડર પધ્ધતીથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામની વિગતવાર નોટીસ માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in & www.nprocure.com ઉપર જોવા મળશે.

| ક્રમ | વિગત | તારીખ / સમય |
|---|---|---|
| ૧ | કોરા ભાવપત્રકો ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૩૦/૦૧/૨૦૨૩ ૧૬:૦૦ કલાકે |
| ૨ | ભરેલ ભાવપત્રકો ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ | ૩૦/૦૧/૨૦૨૩ ૧૮:૦૦ કલાકે |
| ૩ | ભાવપત્રક ખોલવાની સંભવિત તારીખ | ૩૧/૦૧/૨૦૨૩ ૧૦.૩૦ કલાકે |
| ૪ | ટેન્ડર ડોકયુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી થી સબ મીટ કરવાની તારીખ | ૦૧/૦૨/૨૦૨૩ થી ૦૭/૦૨/૨૦૨૩ |

જિમાક/અમર/૪૨૮/૨૨

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot.
Published at Narayan Arcde, 2nd floor, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# લેન્ડસ્લાઇડ્સની આપદા

લેન્ડસ્લાઇડ્સના કારણે વિશ્વભરમાં દર વર્ષે ખુબજ નુક્સાન થાય છે અને હજારો લોકોના મૃત્યુમાં થાય છે અબજો ડોલરના નુક્સાનનું કારણ બને છે. ભૂસ્ખલન ક્યાં અને ક્યારે થાય છે તે જાણીને વિજ્ઞાનિકો આ દુર્ઘટના માટે વિશ્વભરમાં તૈયાર કરવામાં મદદ કરી શકે છે, પરંતુ આજની તારીખમાં જ્યારે ભૂસ્ખલન ક્યારે અને ક્યાં થાય છે તેની વૈશ્વિક ચિત્ર નથી. નાસા આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સૌથી મોટી ખુલ્લી વૈશ્વિક ભૂસ્ખલનની સૂચિ બનાવી રહી છે લેન્ડસ્લાઇડ રિપોર્ટર શું છે?

લેન્ડસ્લાઇડ રિપોર્ટર (Landslide Reproter) એ નાસા નાગરિક વિજ્ઞાન પ્રોજેક્ટ છે જે વેબ એપ્લિકેશન પર ભૂસ્ખલન એકત્રિત કરવા માટે ભૂસ્ખલ નિષ્ણાતો અને મનોરંજકારોને પ્રોત્સાહિત કરે છે. ફોઓસ્ટ્રેટિવ ઓપન ઓનલાઈન લેન્ડસ્લાઇડ રિપોઝીટરી (સીઓએએલઆર, COOLR) એ ડેટાને ભૂસ્ખલનની ઘટનાઓની વિશ્વવ્યાપી સૂચિ છે. નાસાના વૈજ્ઞાનિકો ૨૦૦૭ થી જ્યારે, ક્યાં, કેમ અને કેવી રીતે ભૂસ્ખલન થાય છે તે વિશે ઝૅન્ઈ માટે માહિતી એકત્રિત કરી રહ્યા છે. હવે ૧૩,૦૦૦ થી વધુ ભૂસ્ખલનની ઘટનાઓ છે. પરંતુ અમારી ટીમે જોઈ શકતી નથી અથવા ઑનલાઇન શોધી શકતી નથી તેનાથી ભૂસ્ખલનની ઘટનાઓ ગુમ થઇ રહી છે. સ્થાનિક ફર્સ્ટ- હેન્ડ એકલિસ્ટ્સ, અન્ય ભાષાઓમાંની અહેવાલો અને અન્ય ઇન્વેન્ટરીઝ સહિતના ઘણા જુદા સ્રોતોથી ભૂસ્ખલન ઉમેરવા માટે લેન્ડસ્લાઇડ રિપોર્ટરનો ઉપયોગ કરવા માટે. ઉપરાંત ભૂસ્ખલન એકત્રિત કરવા માટે વધુ લોકો વધુ અપ-ટુ-ડેટ અને વિગતવાર સૂચિ બનાવશે જે ભાગોલિક સ્થાનો પણ વિશ્વને કેવી રીતે આકાર આપી રહ્યું છે તે સ્પષ્ટ અને ખુલ્લી ચિત્ર પ્રદાન કરશે.

જોષીમથ ની જેમજ હિમાલય ક્ષેત્રના ધર્મશાળા માં આવી આપદા ના ભય જનક સંકેત મલ્યા છે.

ઉત્તરખંડના જોશીમઠમાં જે રીતે જમીન ધસી રહી છે તેવો જ ખતરો હવે હિમાચલપ્રદેશમાં ધર્મશાલાના મેકલોડગંજમાં પણ તોળાઇ રહ્યો છે. આ ખતરાનું કારણ નગર નિગમના નિયમોને ફગાવીને લોકો દ્વારા કરવામાં આવી રહેલાં ગેરકાયદે બાંધકામો છે. ત્યાં ગેરકાયદે બાંધકામના કારણે મોટા ભાગની ઈમારતો ઊભા ઢાળ પર લટકી રહી છે અને એકબીજા સાથે જોડાયેલી છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે મેકલોડગંજ ક્ષેત્રમાં સ્થિત ઈમારતો વધુ તીવ્રતાના આંચકાથી પત્તાનાં મહેલની જેમ ધરાશાયી થઇ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ધર્મશાલા ભૂકંપની દ્રષ્ટિથી અતિ સંવેદનશીલ છે. ધર્મશાલાની આસપાસ થ્રસ્ટ છે. એટલે કે અહીં ત્રણ બાજુથી આંચકા આવવાની આશંકા રહે છે. આ સંબંધમાં સેન્ટ્રલ યૂનિવર્સિટીના જિયોલોજી વિભાગના પ્રમુખ પ્રો. અંબરીશકુમાર મહાજને કહ્યું છે કે મેક્લોડગંજમાં ડ્રેનેજ અથવા તો ગટરવ્યવસ્થાને લઇને કોઇ સુવિધા નથી. આ સમસ્યાનો ઉકેલ આવે ત્યાં સુધી પરેશાની રહેશે.પ્રો. મહાજને કહ્યું છે કે ધર્મશાલામાં મેક્લોડગંજ, ભાગસુનાગ જેવી કેટલીક જગ્યા છે, જે લેન્ડસ્લાઇડ ઝોનમાં છે. યોગ્ય ડ્રેનેજ સિસ્ટમ ન હોવાનાં કારણે આ પ્રકારની સ્થિતિ સર્જાઇ છે. જો અહીં ડ્રેનેજ સિસ્ટમ યોગ્ય રહી હોત તો આ પ્રકારની સમસ્યા ઊભી ન થઇ હોત. જ્યારે પણ બહુમાળી ઈમારતોનું નિર્માણ થાય છે ત્યારે જમીન પર વધારે લોડ પડે છે, જેના કારણે જમીન ધસવાની શક્યતા વધી જાય છે. શિમલામાં પણ કેટલાંક સ્થળો લેન્ડસ્લાઇડ ઝોનમાં આવે છે. ત્યાં કેટલીક બહુમાળી ઈમારતો છે, જે ખતરાનાં સંકેત છે. આ ખતરાનું કારણ નગર નિગમના નિયમોને ફગાવીને લોકો દ્વારા કરવામાં આવી રહેલાં ગેરકાયદે બાંધકામો છે. ત્યાં ગેરકાયદે બાંધકામના કારણે મોટા ભાગની ઈમારતો ઊભા ઢાળ પર લટકી રહી છે અને એકબીજા સાથે જોડાયેલી છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે મેકલોડગંજ ક્ષેત્રમાં સ્થિત ઈમારતો વધુ તીવ્રતાના આંચકાથી પત્તાનાં મહેલની જેમ ધરાશાયી થઇ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ધર્મશાલા ભૂકંપની દ્રષ્ટિથી અતિ સંવેદનશીલ છે. ધર્મશાલાની આસપાસ થ્રસ્ટ છે. એટલે કે અહીં ત્રણ બાજુથી આંચકા આવવાની આશંકા રહે છે. શિમલામાં પણ આવનાર સમયમાં જોશીમઠ જેવી સ્થિતિ થઇ શકે છે.

# મનનું પોલ્યુશન



અન્વેષણ

- C.A. પરેશ ભટ્ટ

પોલ્યુશન આજે અત્ર,તત્ર,સર્વત્ર છે. મનથી શરુ કરી તન સુધી અને ઘરથી શરુ કરી વિશ્વ સુધી.વિશ્વ સુધી પહોચેલા પોલ્યુશનનું મૂળ આપણા મનના મૂળ સુધી જતું હોય છે.ફ્રોઈડે મનનું ખુબ ખેડાણ કર્યું છે. ગુજરાતીમાં પુષ્કરભાઈ ગોકાણી જેવી વ્યક્તિએ પણ ખુબ જ ઊંડાણ માપેલ છે.આપણને પ્રદુષણ એટલે હવા,પાણી, ખોરાક અને ગંદકી પુરતું જ સીમિત લાગે છે.આ બધા જ પ્રદુષણનું મૂળ તો મનના મૂળમાં છે.પિંડે તે બ્રહ્માંડે, જે પીંડમાં છે એ બધું જ બ્રહ્માંડમાં છે. એજ રીતે માનવ મનની પ્રતિકૃતિ કે પ્રતિબિંબ એટલે જ વિશ્વ.

પોલ્યુશન જે હવા, પાણી , ખોરાક કે પર્યાવરણ પુરતું સીમિત નથી. એ તો છે જ પરંતુ તેનાથી પણ આગળ જે પ્રદુષણ ફેલાયેલુ છે એ પ્રછન્ન છે.પહેલાના સમયમાં કોઈ પણ ખોટું કામ કરવાના સરકારી અધિકારી પૈસા લેતા – લાંચ લેતા હવે સમય બદલાઈ ગયો છે , હવે તેઓ ખોટું તો બને ત્યાં સુધી કરતા નથી પરંતુ તમે આપેલ વિગતો સાચી છે તેને સાચી માનવના પૈસા લે છે, લાંચ લે છે. તમે આપેલ વિગત માંથી દૂધમાંથી પુરા ન કાઢે એટલા માટે તમારે લાંચ આપવાની છે આ પણ પ્રદુષણ જ છે. ડોક્ટર ઓપરેશનની જરૂર જ ન હોય અને ઓપરેશન કરે કે રીપોર્ટની જરૂર જ ન હોય અને રીપોર્ટ કરે કે બિન જરૂરી દવાઓ લખી આપે તો આ પણ પ્રદુષણ જ છે. સી.એ તેના ક્લાયન્ટને કોઈ નોટીસ કે ચાલી રહેલા કેસ અંગે બિન જરૂરી રીતે ડરાવે કે બીક દેખાડે અને પોતાનો સ્વાર્થ સાધેતો આ પણ પોલ્યુશન જ છે. પોલીસ અધિકારી જુદી જુદી કલમોનો ડર દેખાડીને કે સજાનો ડર દેખાડીને સ્વાર્થ સાધે તો આ પણ પ્રદુષણ જ છે, વકીલ તેના કાયદાના જ્ઞાનનો ઉપયોગ ક્લાયન્ટને ડરાવવા કે તેને વધુ સજા કે નુકશાન થશે આવી બીક કે ડર દેખાડી પોતાનો સ્વાર્થ સાધેતો આ પણ પ્રદુષણ જ છે ને ! આ બધાજ માનસિક પ્રદુષણો છે તે પ્રછન્ન છે. પર્યાવરણનું પ્રદુષણતો દુર કરવા માનવ સક્ષમ છે પરંતુ આ પ્રદુષણ આપણે દુર કરી શકીએ એમ જ નથી ! કારણ આ પ્રદુષણ આપણને દુષણ કે પ્રદુષણ લાગતું જ નથી. આપણને કોઈ વાત અગવડ લાગેતો દુર કરવાનો પ્રયત્ન કરીએ પરંતુ આ અગવડ લાગતી જ નથી. ઊલટાની આ તો આપણને સગવડ લાગે છે અને તે જીવનમાં ન હોય તો અગવડ ઉભી થશે એવું લાગે છે. પરિણામે આપણે તેને દુર કરવાનું વિચારતા પણ નથી. આપણો માહ્યલો ચોક્કસ આ સમજે છે. આ રીતે આવેલો પૈસો ગેરમાર્ગે જતો હોય છે , કુટુંબમાં કલેશ ઉભો કરતો હોય છે, સંતતિ એવી થાય કે આ સંચિત ધન વિનાશ નોતરે છે. જે રીતે સરકારી અધિકારી કે પ્રોફેશનલ કે વેપારી આ પ્રદુષણથી ઘેરાયેલા છે એ જ રીતે આ કહેવાતા ધાર્મિક નેતાઓ પણ આ જ પ્રદુષણનો એક હિસ્સો બની જતા હોય છે. કાયદાનો ડર, કે રોગનો ડર , કે પછી ટેક્સ અને દંડનો ડર હોય છે એ જ રીતે સ્વર્ગ અને નર્કનો ડર બતાવી , કર્મના ફળને સામે ધરીને કાલ્પનિક ભય ઉભો કરનાર પણ એક ધાર્મિક અને આધ્યાત્મિક પ્રદુષણ જ ફેલાવે છે. અલબત સારા, સાચા અને અધ્યાત્મનો રસ્તો દેખાડનાર સંત હદયના સંત અપવાદરૂપ હોય છે તેમ જ વેપારી, અધિકારી, પોલીસ,ડોકટર પણ અપવાદરૂપ હોય છે. આજ રીતે પ્રદુષિત થયેલા લોકો પોતાને ચોખ્ખા કરવા માટે ધાર્મિક હોવાનો ડોળ, મંદિરમાં દાન , ગરીબોને દાન,જરૂરીયાત મંદ લોકોને મદદ કરીને પોતાના આ પ્રદુષણને–પોલ્યુશનને દુર કરવાનો કે તેનાથી ચોખ્ખા થવાનો પ્રયત્ન કરે છે. આત્મસમાધાન મેળવે છે કે આપણે કરેલા પાપો હવે સાફ થઇ ગયા કે ઢંકાઈ ગયા.તેમની બધી ખામીઓને હવે ખુબીઓમાં કન્વર્ટ કરી નાખી આવી આગવી માનસિકતામાં આ લોકો રાચવા લાગે છે. અલબત સમાજ પણ આવી વ્યક્તિઓને માન સમ્માન આપવા લાગે છે. પરિણામે આવા પ્રદુષિત કરતા રહેલા લોકોને પ્રોત્સાહન મળે છે. આવી વ્યક્તિઓ ધાર્મિકતા અને સમાજ સેવાના અંચળા ઓઢી લે છે અને એમ માને છે કે આપણું પોલ્યુશન છુપાઈ ગયું ઢંકાઈ ગયું. સમાજ માં ફેલાઈ રહેલા આ પ્રદુષણ માટે આપણે સૌ એ આત્મ ચિંતન કરવા જેવું છે કે આ માનસિક પ્રદુષણ કે પોલ્યુશન કેમ દુર કરશું ?

# ગ્વાટેમાલાના વરસાદી જંગલોમાં ૨૦૦૦ વર્ષ જૂના નગરોની શોધ

કરંટ ટોપિક

## પુરાતત્વવિદોએ લગભગ ૧૦૦૦ પ્રાચીન માયા સંસ્કૃતિ વસાહતોના મહત્વપૂર્ણ અવશેષો શોધી કાઢ્યા

લેટિન અમેરિકન દેશ ગ્વાટેમાલામાં માયા સભ્યતા સાથે જોડાયેલ એક મોટું રહસ્ય સામે આવ્યું છે. અત્યાર સુધી એવું માનવામાં આવતુ હતું કે માયા સંસ્કૃતિના લોકો દૂર દૂર રહેતા હતા હવે ગ્વાટેમાલાના વરસાદી જંગલોમાં ૨૦૦૦ વર્ષ જૂના શહેરો, નગરો અને ગામડાઓની મોટી શોધ કરવામાં આવી છે. આ દર્શાવે છે કે માયા સંસ્કૃતિના લોકો ખૂબ જ ગીચ વસ્તી અને સંગઠિત સમાજમાં રહેતા હતા.

વ્યાપક સંશોધન પછી પણ વિશ્વની સૌથી રહસ્યમય સંસ્કૃતિઓમાંની એક માયા સંસ્કૃતિનો અંત કેવી રીતે આવ્યો તેનું રહસ્ય હજુ સુધી બહાર આવ્યું નથી. હવે પુરાતત્વવિદોએ લગભગ ૧૦૦૦ પ્રાચીન માયા સંસ્કૃતિ વસાહતોના મહત્વપૂર્ણ અવશેષો શોધી કાઢ્યા છે. આ વસાહતોના અવશેષો વરસાદી જંગલોની નીચે છુપાયેલા હતા. સંશોધકોને ૬૫૦ ચોરસ માઈલ વિસ્તારમાં ૯૬૪ પુરાતત્વીય સ્થળો મળ્યા છે. આ વસાહતો મિરાડોર-કલાકમુલ ક્રેસ્ટ નદી ખીણ વિસ્તારમાં મળી આવી છે. આ આખો વિસ્તાર મેક્સિકોને અડીને આવેલો છે. આમાંથી ઓછામાં ઓછી ૪૧૭ સાઇટ્સ ૨૦૦૦ વર્ષ જૂની છે જ્યારે માયા સભ્યતા તેની ટોચ પર હતી. જેમાં શહેરો, ગામો અને નગરોની ઓળખ કરવામાં આવી છે.

આ પ્રાચીન વસ્તુઓને શોધવા માટે વૈજ્ઞાનિકોએ ખાસ ટેકનિક લિડારનો ઉપયોગ કર્યો હતો. આમાં લેસર કિરણોની મદદથી માપન કરવામાં આવે છે. સર્વેક્ષણમાં સંખ્યાબંધ અસામાન્ય માર્ગો પણ મળ્યા જે ૧૦૦ માઇલમાં ફેલાયેલા હતા અને વિવિધ વસાહતો સાથે જોડાયેલા હતા. આ વસાહતોમાં સ્મારકો, પાણીના સંગ્રહની સગવડો, ઉજવણી માટેની ઈમારતો, પિરામિડ, રહેવા માટેનું માળખું, નહેરો વગેરે બધું મળી આવ્યું છે. એટલું જ નહીં, સંશોધકોએ ઓછામાં ઓછા ૩૦ રમતગમતના મેદાન પણ શોધી કાઢ્યા છે. આ દર્શાવે છે કે માયા સભ્યતાના લોકો પણ અમુક પ્રકારની રમત રમતા હતા. અગાઉના સંશોધનમાં જાણવા મળ્યું હતું કે માયા સંસ્કૃતિના લોકો દૂર દૂર રહેતા હતા, પરંતુ આ તાજેતરના ઘટસ્ફોટથી માયા સંસ્કૃતિ વિશેની જૂની માન્યતાઓ બદલાઈ ગઈ છે. આ સંશોધન ઇડાહો સ્ટેટ યુનિવર્સિટીના પુરાતત્વવિદ્ રિચર્ડ ડી. હેન્સનની આગેવાની હેઠળ પુરાતત્વવિદો દ્વારા કરવામાં આવ્યું છે, જે પ્રાચીન મેસોઅમેરિકા જર્નલમાં પ્રકાશિત થયું છે. સંશોધન ટીમે કહ્યું કે તેમને અસાધારણ આર્થિક, રાજકીય અને સામાજિક શક્તિના પુરાવા મળ્યા છે. આ વસાહતોની સ્થાપના માટે હજારો મજૂરો અને નિષ્ણાતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે સૂચવે છે કે તેમને નિયંત્રિત કરવા માટે એક રાજકીય બળ હતું.

શરૂઆતમાં, એવું માનવામાં આવતું હતું કે માયા નાના જૂથોમાં ઉષ્ણકટિબંધીય નીચાણવાળા વિસ્તારોમાં રહેતા હતા, કાપણી અને કૃષિ ક્ષેત્રમાં રોકાયેલા હતા. માટીના ઝડપથી ઘટાડા સાથે તેઓને તેમને જગ્યાઓ વારંવાર બદલવાની ફરજ પડતી હતી. માયા સંસ્કૃતિ શાંતિપૂર્ણ હતી અને ખગોળશાસ્ત્રમાં વિશેષ રુચિ લેતી હતી, અને પિરામિડ અને પથ્થરની રચનાવાળા તેમના શહેરોમાં પૂજા વિધિ કેન્દ્રો પણ, જ્યાં લોકો અસામાન્ય આકાશી ઘટનાઓ જોવા માટે ભેગા થતા હતા. આધુનિક અંદાજ મુજબ, પ્રાચીન માયા લોકો ૩૦ લાખ કરતા વધારે લોકોની સંખ્યામાં હતા. દૂરના ભૂતકાળમાં, તેમનો દેશ સૌથી વધુ ગીચ વસ્તી ધરાવતો ઉષ્ણકટિબંધીય ક્ષેત્ર હતો. માયા ઘણી સદીઓથી જમીનની ફળદ્રુપતાને જાળવી રાખવામાં અને ખેતી માટે ઓછા ઉપયોગની જમીનને વાવેતરમાં ફેરવવામાં સક્ષમ હતી. જ્યાં તેઓ મકાઈ, કઠોળ, કોળા, કપાસ, કોકો અને વિવિધ ઉષ્ણકટિબંધીય ફળો ઉગાડતા હતા. માયા લેખન એક લિપિ અને સિન્થેટીક સિસ્ટમ પર આધારિત હતું. પ્રાચીન હાયરોગ્લાયફિક શિલાલેખોના સમજણથી માયાની શાંતિ વિશેના અગાઉના વિચારોને નકારી કાઢવામાં આવ્યા: આમાંના ઘણાં શિલાલેખો શહેર-રાજ્યો વચ્ચેના યુદ્ધો અને દેવતાઓને બલિદાન આપનારાઓ વિશે જણાવે છે. તેમના ખગોળશાસ્ત્રીઓએ ખૂબ જ સચોટ રીતે સૂર્ય, ચંદ્ર, શુક્ર અને કેટલાક નક્ષત્રો ખાસ કરીને, આકાશગંગાના ગતિના ચક્રોની ગણતરી કરી છે. માયા સંસ્કૃતિ, તેની લાક્ષણિકતાઓમાં, મેક્સીકન હાઈલેન્ડઝની નજીકની પ્રાચીન સંસ્કૃતિઓ, તેમજ દૂરના મેસોપોટેમીઅન, પ્રાચીન ગ્રીક અને પ્રાચીન ચિની સંસ્કૃતિઓ સાથે સમાનતા દર્શાવે છે.

આ સંસ્કૃતિનો સમય ગાળો પૂર્વ-શાસ્ત્રીય યુગના ૨૦૦૦-૧૫૦૦ બીસી અને પ્રારંભિક રચનાત્મક સમયગાળા ૧૫૦૦-૧૦૦૦ બીસીનો હોવાનું કહેવાય છે. તેમના ભટકતા આદિવાસીઓ ગ્વાટેમાલાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા હતા, જંગલી ખાદ્ય મૂળ અને ફળોને ખવડાવતા હતા. તેમની સંસ્કૃતિનો નાશ થતી વખતે તેમણે ફક્ત દુર્લભ પથ્થરોનાં સાધનો અને થોડી વસાહતો છોડી હતી, તેના અવશેષો અને નાની કૃષિ વસાહતો જંગલમાં અને નદીઓના કાંઠે અને બેલીઝની ઉત્તરમાં દેખાયા છે. પુરાતત્વીય પુરાવા સૂચવે છે કે આ યુગ દરમિયાન, માયામાં ગુંચવાઈ રહેલ સ્થાપત્ય, વર્ગોમાં વિભાજન અને કેન્દ્રિય શક્તિ નહોતી. જો કે, પૂર્વ-શાસ્ત્રીય યુગના અંતમાં રચનાત્મક સમયગાળામાં ૪૦૦ બીસી – ૨૫૦ એડી દરમિયાન, માયાના જીવનમાં ગંભીર ફેરફારો થયા. આ સમયમાં, સ્મારક બાંધકામો બનાવવામાં આવ્યા હતા, જેમાં સ્ટાયલોબોટ્સ, પિરામિડ, બોલ કોર્ટ જેવા બાંધકામોમાં શહેરોમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી હતી. મેક્સિકોના યુકાટન પેનિનસુલાની ઉત્તરે કાલકમૂલ અને સિબિલચાલ્ટન, ગ્વાટેમાલાના પેટાના, સેરોસ, ક્યુએલો, લમાને અને ચૂલ્યુઆપુઆના જંગલોમાં પ્રભાવશાળી સ્થાપત્ય સંકુલ જોવા મળ્યા છે. સાલ્વાડોરના ઉત્તરી બેલિઝમાં કાશોબ જેવી વસાહતો ઝડપથી વિસ્તરી હતી. અંતમાં રચનાત્મક સમયગાળાના અંતે, દૂર વસાહતો વચ્ચે વિનિમય વેપાર વિકસિત થયો. ઉત્પાદનો, દરિયાઈ શેલો અને ક્વેત્ઝલ બર્ડ પીછાઓનું વેચાણ થતું. તે સમયમાં, તીક્ષ્ણ ચળકાટવાળા સાધનો અને સૌથી વિચિત્ર આકારના પથ્થરના ઉત્પાદનોનો ઉપયોગ થતો. તો ઈમારતોને પવિત્ર બનાવવાની, છુપાવાની જગ્યાઓની ગોઠવણ કરવાની પ્રથા પણ હતી.

માયા સમાજ હરીફ શહેર-રાજ્યોની પ્રણાલીમાં વિકસ્યો, દરેક પાસે તેના પોતાના રાજવી વંશ હતા. આ રાજકીય રચનાઓથી સરકારની વ્યવસ્થા અને સંસ્કૃતિમાં ભાષા, લેખન, ખગોળશાસ્ત્ર, કેલેન્ડર, વગેરેમાં સમાનતા પ્રગટ થઈ. શહેર-રાજ્યોની સંપત્તિ સરેરાશ ૨૦૦૦ ચોરસ મીટર સુધી વિસ્તૃત છે. પ્રત્યેક રાજ્યની રચનાના રાજકીય અને સાંસ્કૃતિક કેન્દ્રો આનંદી શહેરો હતા, જેની આર્કિટેક્ચર મય આર્કિટેક્ચરની સામાન્ય શૈલીની સ્થાનિક અથવા પ્રાદેશિક વિવિધતા હતી. ઈમારતો વિશાળ લંબચોરસ, મધ્ય ચોરસની આસપાસ સ્થિત હતી. તેમના રવેશ સામાન્ય રીતે મુખ્ય દેવતાઓ અને પૌરાણિક પાત્રોના માસ્કથી શણગારેલા હતા, પત્થરમાંથી કોતરવામાં આવ્યા હતા અથવા સાગોળ રાહતની તકનીકનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યાં હતાં. ઈમારતોની અંદર લાંબા સાંકડા ઓરડાઓની દિવાલો ઘણીવાર ફ્રેસ્કોથી દોરવામાં આવતી હતી.. જેમાં ધાર્મિક વિધિઓ, રજાઓ અને લશ્કરી દ્રશ્યો દર્શાવવામાં આવ્યા હતા. શાસ્ત્રીય યુગના મય શહેરોની મધ્યમાં, ૧૫ મીટર ઊંચા પિરામિડ હતા. આ રચનાઓ ઘણીવાર આદરણીય લોકોની કબરો તરીકે ઓળખાય છે, તેથી રાજાઓ અને યાજકોએ અહીં પૂર્વધારણાઓની આત્માઓ સાથે જાદુઈ જોડાણ સ્થાપિત કરવાના ધાર્મિક વિધિઓ કરી.

# વૃક્ષોના રક્ષણ માટે અમૃતાદેવીની શહાદત કથા

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

વૃક્ષોના રક્ષણ માટે શહાદત ની કથા ઈતિહાસમાં અનોખી ભાત પાડે છે.

સૃષ્ટિની સમગ્ર પ્રકૃતિ તાલબદ્ધ ચાલી રહી છે , સૃષ્ટિના તમામ પદાર્થો માનવી માટે જ સર્જાયા છે , તેવા ખોટા ખ્યાલને કારણે ઉપભોક્ત સંસ્કૃતિના ઉદયે , માનવીની જરૂરિયાતો વધારી , વૈજ્ઞાનિક શોધોનો વિવેકહીન ઉપયોગ , અસંયમ અને કુદરતી સાધનોના શોષણ દ્વારા માનવીએ પ્રકૃતિ પર આક્રમણ કર્યું . અહિંસામાં માનનારા ભારતીય દર્શનોએ માત્ર ઉપયોગની સંસ્કૃતિની પ્રરૂપણ કરી . જલ , વાયુ , માટી , અગ્નિ અને વનસ્પતિ પ્રકૃતિના દરેક ઘટકોમાં જીવ છે અને તેને જીવવાનો અધિકાર છે . વૃક્ષો , પર્યાવરણની રક્ષા માટે અને પ્રાણવાયુ માટે જરૂરી છે . જેથી સંતો અને વૃક્ષપ્રેમીઓ વૃક્ષમંદિરો અને સ્મૃતિવન રચવાની પ્રેરણા કરે છે . બિશ્નોઈ ધર્મગુરુ શ્રી જાંબેશ્વરજી મહારાજ તો કહેતા કે , ' સર સાંઠે રૂખ બચે તો ભી સસ્તો જાન . ' જીવ સામે પણ જો વૃક્ષની રક્ષા થતી હોય તો કરવી . ' ગુરુજીના આ ઉપદેશને ચરિતાર્થ કરતી ઘટના રાજસ્થાનના જોધપુર જિલ્લામાં બની ગઈ . વિક્રમ સંવત ૧૭૮૭ , ઈ.સ. ૧૭૩૦ , ખેડજડલી ગામમાં જોધપુર નરેશના આદેશથી ખીજડા ( ખેજડી ) નાં વૃક્ષો કાપવા કઠિયારાઓ આવ્યા . શ્રીમતી અમૃતાદેવીના નેતૃત્વમાં તેનો સખત વિરોધ કરવામાં આવ્યો . કઠિયારાઓ – વૃક્ષહત્યારાઓની કુહાડીથી વૃક્ષને બચાવવા અમૃતાદેવી ખેજડીના વૃક્ષને બન્ને ભૂજાઓ પહોળી કરી વીંટળાઈ વળી અને તેણે પોતાની ડોક પર કુહાડીનો પ્રહાર ઝીલી લીધો . લોહીથી લથબથ બની અને વૃક્ષની રક્ષા કરવા શહીદ થઈ ગઈ . શ્રીમતી અમૃતાદેવીની પુત્રીઓ , પડોશી આસીબાઈ , રત્નીબાઈ , ઈમરતીબાઈ , સીમાબાઈ , ભાગુબાઈ સહિત એકએક વીરાંગનાએ શહાદત વહોરી . શ્રીમતિ અમૃતાદેવીના પતિ રામોજી સહિત ઘણા લોકો શહીદ થયા . એક વ્યકિતની ગરદન પર કુહાડો પડતાં ધડથી મસ્તક અલગ થતું તો બીજી વ્યકિત નીડરતાથી શહાદતને આમંત્રણ આપતી . આમ ૩૬૩ લોકો શહીદ બન્યા . લોહીની નદી વહી . રાજાના કઠિયારા હરકારોના હાથ રકતરંજિત બની કાંપી ઉઠયા . હથિયારવિહીન ' નિહત્યા ' લોકોનો વૃક્ષપ્રેમ જોઈ તેમના આવા અપ્રતિમ અને ભવ્ય બલિદાન જોઈ રાજા પાસે જઈ ઘટનાની વાત કહી . લોકોનો અહિંસા – પર્યાવરણ અને વૃક્ષો પ્રત્યેનો પ્રેમ જોઈ નરેશે બિશ્નોઈ ગામોમાં વૃક્ષો કાપવા પર અને શિકાર કરવા પર પ્રતિબંધ જાહેર કર્યો . શ્રીમતી અમૃતાદેવીના નેતૃત્વમાં વૃક્ષની રક્ષા માટે સ્ત્રીઓ દ્વારા લેવાયેલાં આ બલિદાન પર્યાવરણ અને વૃક્ષપ્રેમી માટે એક અનેરા ઉદાહરણરૂપ છે . રાજ્ય સરકાર શ્રીમતી અમૃતાદેવીની સ્મૃતિમાં દર વર્ષે પર્યાવરણ પુરસ્કાર આપે છે , એટલું જ નહીં , પરંતુ ખેજડીને રાજયવૃક્ષ ઘોષિત કર્યું છે . સંવત ૧૭૮૭ ની ભાદરવા સુદ દશમના બનેલી આ ઘટનાની સ્મૃતિને જીવંત રાખવા અને વૃક્ષપ્રેમીઓની શહાદતને શ્રદ્ધાંજલિ આપવા આ સ્થળે એક મેળો ભરાય છે , જેની સામે એક મેદાન છે . દુ:ખની વાત એ છે કે ત્યાં વૃક્ષો બહુ જ ઓછાં છે . જે વૃક્ષો છે તેની સંભાળ પણ ઓછી લેવાય છે . શહીદોના નામની કોઈ ખાંભી પણ નથી . એ સ્થળ પર ૩૬૩ ખેજડી વૃક્ષ ઉગાડી વૃક્ષમંદિર બનાવવું જોઈએ અને તમામ શહીદોનાં નામની તકતી મૂકી સ્થળને રાષ્ટ્રીય સ્મારક બનાવવું જોઈએ જેથી પર્યાવરણ અને વૃક્ષપ્રેમીઓ માટે તે સ્થળ તીર્થ બની શકે અને તે દિવસ વૃક્ષારોપણનો પાવન દિવસ બની શકે .



**સમગ્ર પ્રકૃતિ આનન્દ સભર છે. તેમાંય વૃક્ષો એની સજીવતાને કારણે જગત માટે વરદાન રૂપ છે. એને કપાતા અટકાવવા જેને પોતાની જાતનું બલિદાન આપ્યું છે તેની કથા કોઈ જાણતું નથી'**

### અંબાણી તેના નાના દીકરાની વહૂને આવકારવા તૈયાર

# અંબાણી પરિવારના ઘરે શરૂ થઈ લગ્નની તૈયારીઓ

**અનંત અંબાણીની સગાઈ ગુજરાતી બિઝનેસમેન વિરેન મર્ચન્ટની દીકરી રાધિકા મર્ચન્ટની સાથે કરી છે**



મુંબઈ,
જ્યારથી મુકેશ અંબાણી અને તેમની પત્ની નીતા અંબાણીએ તેમના નાના દીકરા અનંત અંબાણીની સગાઈ ગુજરાતી બિઝનેસમેન વિરેન મર્ચન્ટની દીકરી રાધિકા મર્ચન્ટની સાથે કરી છે ત્યારથી દરેક વ્યક્તિ આ કપલના લગ્નના સમાચારને લઈને ઉત્સાહિત જોવા મળે છે.ઈશા અંબાણી અને આકાશ અંબાણીના ગ્રાન્ડ વેડિંગ બાદ અનંત અંબાણીના લગ્ન કેવી રીતે અને કેટલી ધામધૂમથી થશે તેની ઈન્તેજારી લગભગ દરેક વ્યક્તિને છે. હાલમાં આ કપલની જે તસવીરો વાયરલ થઈ રહી છે તે જોતા લાગી રહ્યું છે કે, અંબાણી પરિવારે બંનેના લગ્નની તૈયારીઓ શરૂ કરી દીધી છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આગામી ૧૯ જાન્યુઆરીના રોજ રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણી ઓફિશિયલ એન્ગેજમેન્ટ કરશે, આ મોટાં સેલિબ્રેશન પહેલાં અંબાણી પરિવાર પ્રી-એન્ગેજમેન્ટ પાર્ટીની તૈયારીઓમાં લાગી ગયો છે. જેની સાથે જોડાયેલી એક તસવીર હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે.સગાઈ પહેલાં દુલ્હન રાધિકા મર્ચન્ટ બંને હાથમાં મહેંદી લગાવતી જોવા મળી, આ પ્રસંગે ઓવર ધ ટોપ આઉટફિટ્સ પસંદ કરવાના બદલે તેણે પોતાના માટે એલિગન્ટ ક્લોથ્સ પસંદ કર્યા હતા.

# ચાલતી ટ્રેનમાં કિન્નરોએ મહિલાની ડિલીવરી કરાવી બાળકને આશીર્વાદ આપી હાથમાં રૂપિયા પણ આપ્યા

જમુઈ,
કિન્નરો દ્વારા ટ્રેનમાં મહિલાનું ડિલીવરી કરાવાની ઘટના સામે આવી છે. આ ઘટના જસીડીહથી ટ્રેન ઉપડ્યા બાદ ઝાઝા સ્ટેશન પહોંચવાની વચ્ચે થઈ હતી. કહેવાય છે કે, ટ્રેનમાં પૈસા માગનારા કિન્નર જો તે ડબ્બામાં ન આવ્યા હોત, જેમા મહિવા સવાર થઈને મુસાફરી કરી રહી હતી અને પ્રસવ પીડાથી પરેશાન હતી, તો તેની મુશ્કેલીઓ વધી જાત. પણ કિન્નરો પહોંચ્યા બાદ લેબર પેનથી પરેશાન મહિલા અને તેના પતિને મદદ મળી ગઈ અને કિન્નરોએ માનવતાની મિસાલ રજૂ કરતા મહિલાની સેફ ડિલીવરી કરાવી હતી. હકીકતમાં જોઈએ તો, હાવડા પટના શતાબ્દી એક્સપ્રેસના એક ડબ્બામાં ગર્ભવતી મહિલા પોતાના પતિ સાથે મુસાફરી કરી રહી હતી. જેવી આ ટ્રેન જસીડીહ સ્ટેશન પહોંચી, તો મહિલાની પ્રસવ પીડા વધી ગઈ હતી. મહિલા લેબર પેનથી પરેશાન થઈ રહી હતી. પ્રસવ પીડીથી પરેશાન મહિલાની મદદ માટે ઘણી વાર સુધી કોઈ આગળ આવ્યું નહીં. જ્યારે તે ડબ્બામાં કોઈ મહિલા મુસાફર નહોતું. ત્યારે ટ્રેન સિમુલતલા પહોંચતા કિન્નરોને એક ટોળી તે ડબ્બામાં આવી અને તેમણે આ મહિલાની ડિલીવરી કરાવી હતી. પૈસા માગવા માટે ડબ્બામાં પહોંચેલા કિન્નરોને જ્યારે ખબર પડી કે, મહિલા પ્રસવ પીડાથી પરેશાન છે, તો તેમણે સમય વેડફ્યા વિના મહિલાને ટ્રેનના ડબ્બામાં વોશરુમમાં લઈ ગયા અને ત્યાં ડિલીવરી કરાવી. પ્રસવ બાદ મહિલા અને તેનું બાળક બંને સ્વસ્થ્ય છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, ટ્રેનમાં સવાર જે મહિલાની પ્રસવ કરવાનો નિર્ણય કર્યો તે, શેખપુરાની રહેવાસી છે અને તે પોતાના પતિ સાથે હાવડાથી લખીસરાય જઈ રહી હતી. પ્રસવ કર્યા બાદ તમામ કિન્નર ઝાઝા સ્ટેશન પર ઉતરવા લાગ્યા હતા. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. તેમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, કિન્નરોએ પ્રસવ બાદ ગરીબ દંપતીને રૂપિયા આપીને મદદ પણ કરી, જેનો વીડિયો સામે આવ્યો છે. તેમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, પ્રસવ કરનારી કિન્નર ટ્રેનની બોગીમાં બેઠેલા મુસાફરો ખાસ કરીને મહિલાઓને સંભળાવી રહી હતી કે, એક મહિલા કેવી રીતે દર્દથી પીડાતી હતી અને કોઈ તેની મદદ માટે આગળ ન આવ્યું. વીડિયોમાં તમામ કિન્નરો બાળકને આશીર્વાદ પણ આપી રહ્યા હતા



# વિશ્વમાં મંદીની બુમરાણ વચ્ચે મોદી સરકારની આવકમાં ધરખમ વધારો


નવીદિલ્હી,
તમારી આવક વધે કે ના વધે પણ મોદી સરકારની આવકમાં ધરખમ વધારો થયો છે. કેન્દ્ર સરકારે ૧૦ જાન્યુઆરી સુધીના જારી કરેલા આંકડા ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૨૪.૫૮ ટકા વધીને રૂ. ૧૫ લાખ કરોડ કરોડ રૂપિયા થઈ ગયું છે. આ વધારામાં પર્સનલ ઈક્મ ટેક્સનો મુખ્ય ફાળો રહ્યો છે. સરકારના આ ખુલાસા બાદ મોદી સરકાર વિકાસના ટ્રેક પર દોડી રહી હોવાનું સાબિત થઈ રહ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦ જાન્યુઆરી સુધીમાં કુલ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૨૪.૫૮ ટકા વધીને ૧૪.૭૧ લાખ આવ્યું છે. રિફન્ડ એડજસ્ટ કર્યા પછી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન રૂ. ૧૨.૩૧ લાખ કરોડ હતું. જે ગયા વર્ષના સમાન ગાળા કરતા ૧૯.૫૫ ટકા વધુ છે. આમ મોદી સરકારની આવકમાં સીધો વધારો નોંધાયો છે.

ગયા વર્ષે સમયગાળમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૪.૭૧ લાખ કરોડ રૂપિયા હતું. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૨૪.૫૮ ટકાનો વધારો દર્શાવે છે. કોર્પોરેટ ઈક્મ ટેક્સ (સીઆઈટી) ક્લેક્શનમાં ૧૯.૭૨ ટકાનો વધારો થયો છે. જયારે પર્સનલ ઈક્મ ટેક્સ (પીઆઈટી)માં ૩૦.૪૬ ટકાનો વધારો થયો છે.

બજેટમાં નાણાકિય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૪.૨૦ લાખ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ મુક્યો હતો. રિફંડ એડજેસ્ટ કર્યા પછી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૨.૩૧ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. રિફંડ એડજસ્ટ કર્યા પછી સીઆઈટી કલેક્શનમાં ૧૮.૩૩ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. પીઆઈટીમાં ૨૦.૯૭ ટકાનો વધારો થયો છે. એક એપ્રિલ, ૨૦૨૨ થી ૧૦જાન્યુઆરી, ૨૦૧૩ની વચ્ચે ૨.૪૦ લાખ કરોડ રૂપિયાનું રિફંડ ચુકવ્યું હતું. જે આ વાર્ષિક ધોરણે ૫૮.૭૪ ટકા વધારે છે.

# ચેન્નાઈ એરપોર્ટ પર બિનવારસી બેગમાંથી મળ્યા દુર્લભ જીવો!

**બેગમાંથી ૪૫ બાળ અજગર, ૩ માર્મોસેટ વાંદરાઓ, ૩ સ્ટાર કાચબા અને આઠ કોર્ન સાપ મળી આવ્યા હતા**



ચેન્નાઈ
કસ્ટમ અધિકારીઓને બેગેજ ક્લેઈમ બેલ્ટ પાસે એક અટેન્ડેડ બેગ મળી હતી. આ બેગ ખોલતાં જ ૮ કોર્ન સાપ જોઈને અધિકારીઓ ચોંકી ગયા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં આ કોર્ન સ્નેક/બે માથાવાળા સાપની કિંમત ૨૫ કરોડ રૂપિયા છે. એરપોર્ટ અધિકારીઓને બેગમાંથી ૩ સ્ટાર કાચબા પણ મળી આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં આ કાચબાની કિંમત ૧૫ થી ૨૫ હજાર રૂપિયા સુધી થાય છે. તેમની ઉંમર ૨૫ થી ૮૦ વર્ષ સુધીની છે. તેમનું વજન લગભગ ૧ કિગ્રા થી ૬ કિગ્રા છે. જોકે બીજા દિવસે ૧૨ જાન્યુઆરીએ તમામ પ્રાણીઓને બેંગકોક મોકલવામાં આવ્યા હતા. મર્મોસેટ્સ, જેને ઝરીસ અથવા સાગોઈન તરીકે પણ ઓળખવામાં આવે છે, વિશ્વની ૨૨ નવી વાનર પ્રજાતિઓ કેલિથ્રિક્સ, સેબ્યુએલા, કેલિબેલા અને માયકો જાતિની પણ બેગમાંથી મળી આવી હતી.

# ગાઢ ઉંઘમાં મચ્છર કાનમાં આવી ગુણગુણ કરે ત્યારે ગુસ્સે થાવ છું : દલાઈ લામા

નવીદિલ્હી,
સોશલ મીડિયા પર તિબેટના ધાર્મિક નેતા દલાઈ લામાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે.આ વીડિયોમાં એક નાની બાળકી ધાર્મિક ગુરૂથી સવાલ કરતી નજરે આવી રહી છે.બાળકી ધાર્મિક ગુરૂથી પુછી રહી છે કે આખરે તમને કયારે ગુસ્સો આવે છે.તેના પર ધાર્મિક ગુરૂનો જવાબ સાંભળી દરેક કોઈ સ્તબ્ધ થઈ ગયા વીડિયોમાં તમે જોઈ શકો છો કે જે માસુમિયતથી બાળકી દલાઈ લામાથી સવાલ કરી રહી હતી તેટલા જ પ્રેમથી દલાઈ લામા બાળકીને સવાલનો જવાબ આપી રહ્યાં હતાંજો કે દલાઈ લામાના જવાબ સાંભળ્યા બાદ કોઈ પણ પોતાની હસી રોકી શકયા નહીં

આ વીડિયો સોશલ મીડિયા દરેક પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહ્યો છે.વીડિયો સોશલ મીડિયા પર તેજીથી વાયરલ થઈ ચુકી છે આ વીડિયો યેશી દાવા નામના એક વ્યક્તિએ પોતાના ટ્વિટર હેંડલથી પોસ્ટ કર્યો છે.આ વીડિયોમાં બાળકીના સવાલનો જવાબ આપતાં દલાઈ લામા કહે છે કે જયારે પણ તે ગાઢ ઉંઘમાં સુઈ રહ્યા હોય અને કોઈ મચ્છર તેમના કાનની પાસે આવી ગણગણ કરે તો તે સમયે તેઓ ગુસ્સો આવે છે.

વાયરલ થઈ રહેલ આ વીડિયોમાં દલાઈ લામાના પ્યારી બાળકીના સવાલનો જવાબ આપતાં હાથેથી ઈશારો કરતા મચ્છરને મારવાનો ઈશારો પણ કરતા નજરે આવે છે આ વીડિયો અત્યાર સુધી ૨૨ હજારથી વધુ વ્યુજ અને ૪ હજારથી વધુ લાઈકસ મળી છે.સોશલ મીડિયા પર આ વીડિયો ખુબ જ તેજીથી વાયરલ થઈ રહી છે.



# ઐશ્વર્યા રાયને મળી રેવેન્યૂ વિભાગની નોટિસ, એક વર્ષથી નથી ભર્યો ટેક્સ.!

મુંબઈ,
ઐશ્વર્યા રાય બચ્ચન બોલિવૂડની સૌથી પોપ્યુલર એક્ટ્રેસ છે. તેને ફક્ત બોલિવૂડ જ નહીં, ટોલીવૂડ અને આખી દુનિયાની ઈંડસ્ટ્રી ખૂબ પસંદ કરે છે. બચ્ચન પરિવારની વહુ હોવાના નાતે તેની પ્રસિદ્ધિ હંમેશા વધતી જાય છે. તે સોશિયલ મીડિયા પર એક્ટિવ છે અને અપકમિંગ ફિલ્મ પીએસ-૨ના પ્રમોશાનમાં લાગેલી છે. ગત વર્ષ પીએસ-૧ના ઓડિયંસને ભરપૂર પ્રેમ મળ્યો હતો. બીજો ભાગ એપ્રિલમાં રિલીઝ થશે. આ તમામની વચ્ચે ઐશ્વર્યા રાય બચ્ચનનું નામ ટેક્સ ન ભરવા મામલે જોડાયું છે. આ મામલામાં તેને નાસિકના ટીડીઓ તરફથી નોટિસ મોકલવામાં આવી છે. રિપોર્ટ્માં જણાવ્યા અનુસાર, ઐશ્વર્યા રાય બચ્ચને હાલમાં નાસિકના સિન્નરમાં અડવાડી વિસ્તારમાં એક પવન ચક્કી માટે જમીન ખરીદી હતી. જમીનનો ૧ વર્ષનો ટેક્સ ૨૧૯૬૦ રૂપિયા બાકી છે. આ બાકી નાણા માટે સિન્નરના ટીડીઓએ ઐશ્વર્યા રાયને નોટિસ મોકલી છે. અડવાડીના પહાલી વિસ્તારમાં ઐશ્વર્યાની ૧ હેક્ટર જમીન છે. ઐશ્વર્યાએ આ જમીનનો એક વર્ષથી બાકી ટેક્સ નથી ભર્યો. ઐશ્વર્યા રાય બચ્ચને તેના પર કોઈ જવાબ આપ્યો નથી. જેના જવાબમાં રેવેન્યૂ વિભાગે ઐશ્વર્યા વિરુદ્ધ કડક કાર્યવાહી કરતા નોટિસ મોકલી છે.રેવેન્યૂ વિભાગે માર્ચના અંત સુધીમાં ટેક્સ ચુકવવા માટે નોટિસ મોકલી છે. આપને જણાવી દઈએ કે, ઐશ્વર્યાની સાથે સાથે ૧૨૦૦ લોકોને નોટિસ મોકલી છે. આ તમામ લોકોની પ્રોપર્ટી આ એરિયામાં આવેલી છે.

# ઓટીટી પ્લેટફોર્મ પર શરતો સાથે 'પઠાણ' ફિલ્મને રિલીઝ કરાશે : દિલ્હી હાઈકોર્ટ

મુંબઈ,
તાજેતરમાં જ રિલીઝ થયેલા 'પઠાણ'ના ટ્રેલરે તમામને ચોંકાવી દીધા. ફિલ્મમાં દરેકનો લુક ચોંકાવનારો હતો. દીપિકા પાદુકોણ અને શાહરુખ ખાનથી લઈને જોન અબ્રાહમ અલગ જ અંદાજમાં જોવા મળ્યા. કુલ મળીને ટ્રેલરને ખૂબ પસંદ કરવામાં આવ્યુ. હવે ફિલ્મની ઓટીટી રિલીઝને લઈને અપડેટ સામે આવી રહ્યુ છે. પઠાણને ઓટીટી પર શરત સાથે રિલીઝ કરવામાં આવશે. કોર્ટે આને લઈને દિશા-નિર્દેશ જાહેર કર્યા છે.

દિલ્હી હાઈકોર્ટે પઠાણમાં અમુક પરિવર્તન કરવાના આદેશ આપતા કહ્યુ કે ફિલ્મમાં પરિવર્તન કરવામાં આવે જેથી ઓટીટી પ્લેટફોર્મ પર દ્રષ્ટિ ક્ષતિગ્રસ્ત પણ ફિલ્મ માણી શકે. હાઈકોર્ટે પરિવર્તન કર્યા બાદ સીબીએફસી પાસેથી બીજીવાર સર્ટિફિકેટ લેવા માટે કહ્યુ છે. કોર્ટે નિર્માતાઓને ૨૦ ફેબ્રુઆરી સુધી રિપોર્ટ દાખલ કરવાના આદેશ આપ્યા છે. સીબીએફસીને ૧૦ માર્ચ સુધી નિર્ણય કરવાનું કહ્યુ છે. જોકે, થિયેટરોમાં રિલીઝને લઈને કોર્ટે કોઈ આદેશ આપ્યા નથી.

# ક્રિકેટર ઋષભ પંતે ૧૬ દિવસે પહેલી વખત ટિવટ કર્યુ ,બીસીસીઆઈ અને ચાહકોનો માન્યો આભાર



મુંબઈ,
ડિસેમ્બર મહિનાના અંતમાં રોડ એક્સિડન્ટમાં ગંભીર રીતે ઘાયલ થયેલાં ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી ઋષભ પંતે આજે ૧૬ દિવસે એક્સિડન્ટ બાદ પહેલી વખત ટ્વીટ કર્યું છે. આ ટિવટમાં તેણે તેના ફેન્સને સબ કુશલ મંગલ હૈ.પંતે ટ્વીટ કરી બીસીસીઆઈ અને ચાહકોનો આભાર માન્યો હતો.પંતે કહ્યું હતું કે મારી માટે પ્રાર્થના કરનાર અને મારા દુખમાં સહભાગી થનારાઓનો ખુબ ખુબ આભાર

ટિવટમાં ઋષભ પંતે જણાવ્યું છે કે તેના પર કરવામાં આવેલી સર્જરી સફળ રહી છે અને પીચ પર પાછા ફરવાની દિશામાં પગલા માંડી દીધા છે. એક્સિડન્ટ બાદ મદદ કરવા માટે તેણે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ અને બીસીસીઆઈના જય શાહનો આભાર માન્યો છે. તેણે જય શાહને પોતાના ટિવટમાં ટેગ પણ કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૩૦મી ડિસેમ્બરના ઘરે પાછા ફરતી વખતે રિષભ પંતની કારને રુરકી નજીક ડિવાઈડર સાથે અથડાતા જોરદાર અકસ્માત નડ્યો હતો. આ ટક્કર બાદ પંતની કારમાં આગ લાગી ગઈ હતી. સમયસર પંત કારમાંથી બહાર આવી ગયો એટલે તેને વધુ કોઈ ઈજા પહોંચી નહોતી. જોકે, આ અકસ્માત બાબતે પણ લોકોમાં મતમતાંર જોવા મળ્યો હતો. ખેર, આપણે તો ભાઈસાબ એ જ વાતે રાજીના રેડ થઈ ગયા છે આપણો ફેવરિટ ક્રિકેટર હવે ધીરે ધીરે સાજો થઈ રહ્યો છે અને ટૂંક સમયમાં જ ફરી એક વખત તેને મેદાનમાં રમતો જોઈ શકાશે.

# ભારતીય ક્રિકેટરોએ સાઉથના સુપરસ્ટાર જુનિયર એનટીઆર સાથે જોરદાર પાર્ટી કરી



હૈદરાબાદ,
હૈદરાબાદના રાજીવ ગાંધી ક્રિકેટ સ્ટેડિયમ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે વનડે સિરીઝની પ્રથમ મેચ રમાશે. બુધવારે રમાનારી મેચ માટે ભારતીય ખેલાડીઓ સોમવારે હૈદરાબાદ પહોંચ્યા હતા. સાંજે શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ, યુઝવેન્દ્ર ચહલ, ઈશાન કિશન સહિત ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ સાઉથના સુપર સ્ટાર જુનિયર એનટીઆરના ઘરે પાર્ટી કરવા પહોંચ્યા હતા.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બુધવારે રાજીવ ગાંધી ક્રિકેટ સ્ટેડિયમમાં પ્રથમ વનડે રમાશે. રોહિત શર્મા એન્ડ ટીમ સોમવારે ત્રિવેન્દ્રમથી હૈદરાબાદ પહોંચી હતી. વિરાટ કોહલી સૌથી પહેલા હૈદરાબાદ પહોંચ્યો હતો, તે એકલો આવ્યો હતો. આ પછી અન્ય ટીમોના ખેલાડીઓ પણ હૈદરાબાદ પહોંચ્યા હતા. હૈદરાબાદમાં ટીમના ઘણા ખેલાડીઓએ જુનિયર એનટીઆર સાથે પાર્ટી કરી હતી, જેનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ, યુઝવેન્દ્ર ચહલ, ઈશાન કિશન અને શાર્દુલ ઠાકુર એનટીઆર જૂનિયરના ઘરે પહોંચ્યા હતા. સૂર્યા બ્લેક હુડી શાર્દુલ ઠાકુર જેકેટ ઈશાન-કિશન અને સ્ટાઈલિટ શર્ટમાં જોવા મળ્યા હતા.

# સોમનાથ મહાદેવના હિન્દી ફિલ્મના નિર્માતા-નિર્દેશક અનીલ શર્માએ સહપરીવાર દર્શન કર્યા



મિતેશ પરમાર, વેરાવળ,

સોમનાથ મહાદેવ મંદિર એ કરોડો લોકોની આસ્થાનુ કેન્દ્ર છે ત્યારે આજરોજ ગદદર ફિલ્મના ડાયરેક્ટર અનીલ શર્મા પોતાના પરીવાર સાથે સોમનાથ મંદીરે દર્શન, પૂજા અર્ચના કરી ધન્ય બન્યા હતા .મીડીયા સાથેની વાતચીતુ મા જણાવેલ કે ગદદર ફિલ્મ પૂર્ણ થઈ અને તેની ભારે સફળતા બાદ ગદદ-૨ ફિલ્મ પણ બની ચુકી છે તેનુ શુટીંગ લખનઉ મા પૂર્ણ થઈ ચુક્યુ છે ચાર -પાંચ મહીનામા આ ફિલ્મ રીલીઝ થશે .વધુમા જણાવેલ કે આ ફિલ્મમા સન્નીદેયોલ અને અમીષા પટેલ નુ પુત્ર જીતે ( ઉત્કર્ષ શર્મા ) જે ડાયરેક્ટર અનીલ શર્મા નો જ પુત્ર છે તે ફરી ગદદર ૨ મા ફિલ્મના મુખ્ય હીરો તરીકે આવશે અને હીરોઈન મા નવી હીરોઈન સીમરન આવશે તેમજ આ ફિલ્મ ગદદર ૧ કરતા પણ ખૂબજ રોમાંચક બનાવી છે જેમા દેશપ્રેમ ,પ્રેમકહાની ,કોમ્યુનીટી સહીત નો સમાવેશ કરવામા આવ્યો છે . અનીલ શર્મા એ ગદદર ફિલ્મ ઉપરાંત હકુમત ,વીર ,ફરીસ્તે, મહારાજા, અબ તુમ્હારે હવાલે વતન સાથીયો સહીતની ફિલ્મો બનાવી છે જેમા અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર, ગોવીંદા, સન્ની દેઓલ ,સલમાન ખાન સહીત સાથે કામ કરેલ છે અને આ વખતે ગદદર ૨ ફિલ્મમા વેરાવળના હોટલ ઉધોગ સાથે સંકળાયેલા આશીફ બાપુ કાદરી પણ આ ફિલ્મમા એક વિલનના રોલમા લીધેલ છે . અનીલ શર્મા ( ડાયરેક્ટર, બોલીવુડ ફિલ્મ ) જણાવેલ કે મુંબઈ નગરી સપનાની નગરી છે આ નગરીમા દેશના ખુણેખુણાથી લોકો પોતાના સપના પુરા કરવા આવે છે અને ઘણા નાના લોકોના સપના મુંબઈ મા પુરા પણ થયા છે હાલ બોલીવુડ સમગ્ર મુંબઈ મા છે તો બીજી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ યુપી મા બનવા જઈ રહી છે જેમ પંજાબમા છે હૈદરાબાદ મા છે તે ખૂબજ સારી વાત છે અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ મા ક્યારેક નાના મોટા વિવાદો આવતા હોય તે દરેક મા આવે છે જેનાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ ને કોઈ ફેર નથી પડતો .ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ એ ભારતીય ઈન્ડસ્ટ્રીઝ છે અને એમા લાખો લોકોનુ ગુજરાન ચાલે છે .


# રાજકોટ શ્રી રણછોડદાસજી બાપુના આશ્રમે ગુપ્ત નવરાત્રી નિમિતે રામચરિત માનસ પાઠ

રાજકોટ,

: સદગુરૂ સદન ટ્રસ્ટ (પ. પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ) ખાતે મહા માસમાં ગુપ્તે નવરાત્રિ નિમિતે મહાસુદ-૧ થી મહા સુદ-૯ સુધી તા. ૨૨/૦૧/૨૦૨૩ રવિવારથી તા. ૩૦/૦૧/૨૦૨૩ સોમવાર સુધી શ્રીરામ ચરિત માનસજીનાં નવાહ પાઠનું આયોજન નીજ મંદિર હોલ શ્રી સદગુરૂ આશ્રમ ખાતે કરવામાં આવેલ છે.

વ્યાજસપીઠ ઉપર સુવિખ્યા ત, વિદ્વાન શાષી, રામાયણી ચિત્રકુટ ધામ વાળા પુજય શ્રી પ્રભુદાસજી અગ્નિહોત્રી વ્યાજસજી તેમની સુમધુર વાણી સાથે શ્રી રામાયણજીનાં નવાહપાઠનું સંગીતમયી શૈલીમાં રસપાન કરાવશે.

આ શ્રી રામચરિત માનસજીનાં પાઠ નિમિતે ભારતભરમાંથી અસંખ્યન સંત ભગવાન ઉપસ્થિંત રહે છે, જે નિમિતે આશ્રમમાં સંત ભગવાનની પધરામણી ચાલુ થઇ ગયેલ છે, તેમનાં અલભ્યવ દર્શનનો લાભ લઇ શકાશે. આ શ્રી રામચરિત માનસજીનાં પાઠ કરવાનું પ. પૂ. શ્રી સદગુરૂદેવ ભગવાનશ્રી રણછોડદાસજીબાપુશ્રીએ ઘણું મહત્વ્ બતાવ્યું છે, તથા



શ્રી રામચરિતમાનસજીનાં પાઠ પ. પૂ. શ્રી સદગુરૂદેવ ભગવાનશ્રીને અતિપ્રિય હતા. રાજકોટનાં તમામ ધર્મપ્રેમી ભાઇ-બહેનોને તથા ગુરૂભાઇઓ-બહેનોને આ શ્રી રામચરિતમાનસજી નવાહ પાઠમાં ઉપસ્થિગત રહી હૃદયનો આનંદ મેળવવા શ્રી સદગુરૂ સદન ટ્રસ્ટૂ (મો. ૯૫૮૬૩ ૦૮૧૭૮) દ્વારા નિમંત્રણ પાઠવ્યું છે.

# સીટીલાઇફ

## રાજકોટ મનપા દ્વારા ફેરિયા લોન અરજીઓની મંજુરીની પ્રક્રિયા માટે કેમ્પ્ શરૂ





રાજકોટ,

ભારત સરકારશ્રી દ્વારા શેરી ફેરિયાઓ માટે પ્રધાનમંત્રી યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થા પિત કરી શકે તે હેતુથી કેમ્પજના આયોજન વખતોવખત કરવામાં આવતા રહે છે. જેમાં આજથી ત્રણ દિવસ માટે એવા લોકો માટે કેમ્પિનું આયોજન કરવામાં આવેલ છે જેઓની લોનની અરજી બેંક દ્વારા મંજુર થઇ ચુકી છે પરંતુ ખાતામાં નાણાં જમા થયેલ નથી. આ કેમ્પકમાં આવા પ્રકારના કેસની બાકી રહેલી પ્રક્રિયા પૂર્ણ કરાવવામાં આવી રહી છે. જેમાં બપોર ૧ વાગ્યા સુધીમાં અંદાજિત ૧૫૦ જેટલા લોકોની લોન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે. વિશેષમાં કેમ્પયના સ્થશળે તા.૧૮થી તા.૨૧ દરમ્યાશન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે ઈ-શ્રમ કાર્ડ રજીસ્ટ્રે શનની કામગીરી પણ કરવામાં આવનાર છે. જેનો પણ લાભ લેવા લાભાર્થીઓને જાણ કરવામાં આવે છે.

## દર મહિનાના પ્રથમ રવિવારે ચૂંટણી કાર્ડ સાથે આધાર લિંક કરવા માટે ઝુંબેશ

રાજકોટ,

ભારતીય ચૂંટણી પંચની સુચના મુજબ મતદારોના ચૂંટણી કાર્ડને આધાર કાર્ડ સાથે જોડવાના અભિયાન અન્વેયે મતદારોને તેમના ચૂંટણી કાર્ડ સાથે આધાર કાર્ડની વિગતો જોડવા માટે મહિનાના પ્રથમ રવિવારે ખાસ ઝુંબેશ યોજવામાં આવશે. કોઈ પણ વ્યક્તિ બે સ્થાન પર મતદાન ન કરે અને મતદારોની યાદીને સ્વચ્છ અને પારદર્શી બનાવી શકાય તેવા શુભાશય સાથે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની સૂચના અનુસાર આગામી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીમા આધાર લિંકની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવા માટે વિધાનસભાના તમામ બુથ લેવલ ઓફિસરો તેમના વિસ્તારમાં ફરીને આધારકાર્ડની વિગતો મેળવી ગરૂડા એપ્લીકેશન મારફત એન્ટ્રી કરી લેવાની રહેશે. જેનું નિરીક્ષણ તમામ ઝોનલ ઓફિસરશ્રીએ કરવાનું રહેશે.ઉલ્લેખનીય છે કે, બુથ લેવલ ઓફિસરો મતદારોને આધારકાર્ડ લિંક કરાવવા માટે જરૂરી સમજ આપી સ્વેચ્છાએ આધાર નંબર ફોર્મ ૬-ખ માટે વિગતો આપવા માર્ગદર્શન આપશે. દરેક બુથ લેવલ ઓફિસરોએ તેમના ભાગના મતદારોનો આ બાબતે રૂબરૂ સંપર્ક કરી મતદારયાદીમાં મતદારનો સંપર્ક કર્યા બદલની સહી પણ મેળવશે, તેમ રાજકોટ પશ્ચિમના પ્રાંત અધિકારી અને મતદાર નોંધણી અધિકારીશ્રી સંદીપકુમાર વર્માની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## રાજકોટના બિન્દુબેન રાયચુરા દ્વારા બનાવવામાં આવેલ રાજાધિરાજ દ્વારકાધીશના પેઈન્ટીંગનુ પ્રદર્શન

### પ્રદર્શનનું શનિવારે મેયર પ્રદિપભાઈ ડવના હસ્તે ઉદઘાટન

રાજકોટ,

રાજકોટ શ્યા માપ્રસાદ આર્ટ ગેલેરી રેસકોર્ષ ખાતે મહારાજાધિરાજ શ્રી દ્વારકાધીશના ૫૧ અલૌકિક સ્વ્રૂપો અને શૃંગારોના પેઈન્ટીંયગનું પ્રદર્શન તા. ૨૧ તથા ૨૨ જાન્યુ આરીના રોજ યોજાઈ રહ્યુ છે. બિન્દુંબેન રાયચુરાને બાળપણથી પેઈન્ટીં ગ અને અલગ અલગ પ્રકારના જેવા કે કેનવાસ પેઈન્ટીંગ, સ્કેચ બનાવવા, ધાર્મિક કલા, ઐતિહાસિક કૌટુંબિક ચિત્રો, અમૂર્ત કલાનો શોખ રહ્યો છે. ધીમે ધીમે તેમણે વિવિધ વિષયો પર કૃતિઓ બનાવવા માટે પેન્સી લ સ્કેચીંગ, વોટર કલર્સ, એક્રેલીક ઓઈલ પેસ્ટજલ્સ થી વગેરેથી માંડીને વિશાળ શ્રેણી પર પ્રયોગ કર્યો છે અને તેમાં ભવ્ય્ સફળતા મેળવી છે. આ પ્રદર્શન તા. ૨૧ અને ૨૨ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ થી રાત્રીના ૮:૩૦ વાગ્યાણ સુધી યોજાનાર છે, જેનો મંગલ પ્રારંભ રાજકોટના મેયર શ્રી પ્રદિપભાઈ ડવ દ્વારા કરવામાં આવશે.

# રાજકોટમાં પૂજિત રૂપાણી ટ્રસ્ટ દ્વારા કાન, નાક, ગળાનો નિ:શુલ્ક નિદાન કેમ્પ યોજાશે

## જરૂરિયાતમંદને વિના મૂલ્યે શ્રવણયંત્ર (હિયરીંગ એઈડ)નું વિતરણ

રાજકોટ,

શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટમ તથા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉનનાં સંયુકત ઉપક્રમે તારીખ: ૨૨ રવિવારે સમય: સવારે ૯ થી ૧૧-૩૦, વિના મૂલ્યે શ્રવણયંત્ર (હિયરીંગ એઈડ) વિતરણ તથા કાન-નાક-ગળાના નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે લોકોને કાનમાં બહેરાશ આવી ગઈ હોય, કાનમાં ઓછું સંભળાતું હોય, કાનમાં સાંભળવાનું મશીન લઇ ન શકતા હોય તેવા જરૂરિયાતમંદ દર્દીઓને વહેલા તે પહેલાના ધોરણે વિનામૂલ્યેન શ્રવણયંત્ર (બહેરાશમાં ઉપયોગી થતું મશીન) ડોકટરની સલાહ મુજબ વિતરણ કરવામાં આવશે. કેમ્પિનું ઉદ્?ઘાટન ધારાસભ્યં ઉદય કાનગડના હસ્તેપ થશે.

જે દર્દીઓને કાન, નાક કે ગળાની નાની મોટી તકલીફો રહેતી હોય, કાકડા વધવા, કાનમાં રસી આવવી, અવાજ બેસી જતો હોય, શરદી રહેતી હોય, નાકમાં મસા રહેતા હોય આવા કોઈપણ રોગોનું નિદાન નામાંકિત ડોકટરો સર્વ શ્રી ડો. સુનિલભાઈ મોદી, ડો. જતિનભાઈ મોદી, ડો. નિરવભાઈ મોદી, ડો. દર્શનભાઈ ભટ્ટ, ડો. વિમલભાઈ હેમાણી, ડો. વૈભવભાઇ હાપલિયા દ્વારા કરવામાં આવશે.

શ્રવણયંત્ર (હિયરીંગ એઈડ) માટે લાભ લેનાર દર્દીઓએ પોતાના ઓળખપત્ર તરીકે આધારકાર્ડની ઝેરોક્ષ પુરૂં સરનામું: આવકનો દાખલો તેમજ કલર પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે લાવવો જરૂરી છે. જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે શ્રવણયંત્ર વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે.

જરૂરીયાતમંદ દર્દીઓને પોતાના આરોગ્યલની સુખાકારી માટે આ કેમ્પેનો લાભ લેવા શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ્નાં ચેરમેન શ્રી વિજયભાઇ રૂપાણીએ અપીલ કરી છે.

રવિવારે યોજાનાર આ કેમ્પીને યશસ્વીલ બનાવવા ટ્રસ્ટ ના ટ્રસ્ટીમ શ્રીમતી અંજલીબેન રૂપાણી તથા શ્રી મહેશભાઇ ભટ્ટ માર્ગદર્શન હેઠળ મેડિકલ કમિટી મેમ્બેર્સ શ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યા?ય, ડો. નયનભાઇ શાહ, ડો. વિભાકરભાઇ વચ્છગરાજાની, દિવ્યેસશભાઇ અઘેરા, બીપીનભાઇ વસા જહેમત ઉઠાવી રહ્યા છે.

કેમ્પદ અંગે વિશેષ માહિતી માટે ટ્રસ્ટસના વહીવટી અધિકારી શ્રી ભાવિનભાઇ ભટ્ટનો શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટહ, ''કિલ્લોલ'', ૧-મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (પૂર્વ ઝોન) સામે, ભાવનગર રોડ, ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૧-૨૭૦૪૫૪૫/૨૭૦૧૦૯૮ દ્વારા સંપર્ક સાધવો. કેમ્પત આ જ સ્થળે યોજાનાર છે.

# રાજકોટ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ઓપન ગુજરાત ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

રાજકોટ

પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ સ્વન.અશ્વિનભાઈ મહેતા ઓપન ગુજરાત ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ તા.૨૯ જાન્યુઆરીથી રેલ્વે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રાખવામાં આવેલ છે.સમસ્તુ બ્રહ્મસમાજ રાજકોટના અગ્રણી કશ્યપભાઇ શુકલ તથા સમસ્ત બ્રહ્મસમાજ રાજકોટના પ્રમુખ દર્શિતભાઇ જાનીના માર્ગદર્શન હેઠળ આ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ચાલુ વર્ષ એક નવા અંદાજથી આયોજન કરવામાં આવેલ છે. અમદાવાદ, સુરત, પોરબંદર, જામનગર, સુરેન્દ્રવનગર, જુનાગઢ તેમજ રાજકોટ શહેરની નામાંકિત અને બળુકી ક્રિકેટ ટીમો વચ્ચેદ તા.૨૯/૦૧/૨૦૨૩થી રેલ્વેર(લોકો કોલોની) ક્રિકેટ ગ્રાઉન્ડે પર ક્રિકેટનો મહાજંગ ખેલાવાની શરૂઆત થશે.

ટુર્નામેન્ટના ગુજરાતમાંથી આવતા તમામ બ્રહ્મપરિવારના ખેલાડીઓ માટે રહેવા તથા જમવાની ઉતમ વ્યકવસ્થાર બ્રહ્મસમાજ તરફથી આપવામાં આવશે. આ સમગ્ર ટુર્નામેન્ટા આઈસીસી કન્ડથકટ નિયમો પ્રમાણે રમાડવામાં આવશે. સેમીફાઇનલથી દરેક ટીમોને કલરફુલ ડ્રેસ આપવામાં આવશે. સ્ટે?ટ પેનલના અમ્પાડયરો દ્વારા આ સમગ્ર ટુર્નામેન્ટ.નું અમ્પાયરિંગ કરવામાં આવશે.

ચેમ્પિઈયન ટીમને રોકડ પુરસ્કાસર તથા રનિંગ શિલ્ડા આપવામાં આવશે તેમજ રનર્સઅપ ટીમને રોકડ પુરસ્ક્ર તથા શિલ્ડિ આપવામાં આવશે. આ ટુર્નામેન્ટ્માં ઉત્કૃમષ્ટમ દેખાવ કરનાર પ્લેસયરને મેન ઓફ ધ સિરીઝ તરીકે તેમજ બેસ્ટે બેટ્સિમેન તથા બેસ્ટડ બોલર તથા મેન ઓફ ધ મેચને ઈનામ આપવામાં આવશે. ટુર્નામેન્ટ ની એન્ટ્રીર તા.૨૧/૦૧/૨૦૨૩ સુધીમાં મુરલીધર હાઈસ્કુમલ ૮/૧૧ વર્ધમાન નગર રાજકોટ ખાતે જમા કરાવવી

# રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ તરીકે જે.પી.નડ્ડાજીનો કાર્યકાળ લંબાવવાના નિર્ણયને આવકાર

## ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ પ્રચંડ જનાદેશ સાથે વિજય હાંસલ કરશે : ભુપતભાઈ બોદર



રાજકોટ,

રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરએ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે જેપી નડ્ડાનો કાર્યકાળ જૂન ૨૦૨૪ સુધી લંબાવ્યો છે. ત્યારે આ નિર્ણયને આવકારી જેપી નડ્ડાજી ને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે જે.પી.નડ્ડાજી એ જૂન ૨૦૧૯માં પાર્ટીની કમાન સંભાળી હતી.

અને સમગ્ર દેશમાં પીએમ મોદીની લોકપ્રિયતા વધારવામાં જે.પી. નડ્ડાજીએ પણ યોગદાન આપ્યું છે. જે.પી.નડ્ડાજીના નેતૃત્વમાં સમગ્ર સંગઠને એકજૂથ થઈને કામ કર્યું છે. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન લોકોની સેવા કરવામાં જે.પી.નડ્ડાજીના નેતૃત્વની પ્રશંસા કરતા ભુપતભાઈ બોદરએ જણાવ્યું હતુ કે વિશ્વ ની સૌથી મોટી રાજકીય પાર્ટી એવી ભારતીય જનતા પાર્ટી નો પ્રત્યેક કાર્યકતા એકબીજા સાથે પારિવારિક ભાવના થી જોડાયેલો છે ત્યારે ભાજપ પાસે નિષ્ઠાવાન, સમર્પિત અને મુલ્યવાન કાર્યકર્તાઓ ની વિશાળ ફૌજ છે. દેશમાં એકમાત્ર ભાજપ જ કાર્યકર્તાઓ નો પક્ષ ગણાય છે.

# રાજકોટના અમૃત સરોવરોના નિર્માણકાર્યોની સમીક્ષા કરતાં કલેક્ટરશ્રી અરુણ મહેશ બાબુ

રાજકોટ,

ભારત સરકારશ્રીના નેશનલ વોટર કન્ઝર્વેશન મિશન વિભાગ દ્વારા "જલ શકિત અભિયાન-કેચ ધ રેઈન'' કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લામાં નવા અમૃત સરોવરોના નિર્માણ, હયાત અમૃત સરોવરોનું સમારકામ, તથા તેમના નવીનીકરણ અને બ્યુટીફીકેશન વગેરે કાર્યોની સમીક્ષા કરવા અંગેની બેઠક કલેક્ટરશ્રી અરુણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી.

કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં અમૃત સરોવરોની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની સૂચના કલેકટરશ્રીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને આપી હતી.

રાજકોટ જિલ્લામાં ૭૫ અમૃત સરોવર પૈકી ૨૦ સરોવર તૈયાર થઇ ચૂકયા છે. જયારે ૫૫ જેટલા સરોવરોના કામો પ્રગતિ હેઠળ છે.


આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજયભરના તમામ જિલ્લાઓમાં ૭૫ અમૃત સરોવર બની રહયા છે. આ સરોવરોના નિર્માણથી વરસાદી પાણીનો સંગ્રહ થશે.

ભુગર્ભ જળ ઉંચા આવશે. અને સહેલાણીઓને સુંદર પર્યટન સ્થળ પ્રાપ્ત થશે.

આ તકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહિતના સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નીલેશ પંડ્યા લિખિત 'લોકસરિતાનાં બે વહેણ-લોકગીત અને ધોળ' પુસ્તકનું વિમોચન સંપન્ન

## નીલેશ પંડ્યાનાં લોકસાહિત્ય વિષયક પુસ્તકો નવી ભાત પાડે છે:ડૉ.મનોજ જોશી : ધોળ જેવા વિષય પર બહુ કામ થયું નથી,આ પુસ્તક નવી દિશા ઉઘાડશે:ડૉ.દીપક પટેલ




રાજકોટ:

સુપ્રસિદ્ધ લોકગાયક,પત્રકાર,લેખક નીલેશ પંડ્યા લિખિત પુસ્તક 'લોકસરિતાનાં બે વહેણ-લોકગીત અને ધોળ'નું વિમોચન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવન ખાતે સંપન્ન થયું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અનુદાનિત પ્રોજેક્ટ અંતર્ગત સંશોધનકાર્ય પૂર્ણ કરી નીલેશ પંડ્યાએ સંશોધિત સામગ્રીને હવે પુસ્તકરૂપે પ્રકાશિત કરી જેનું વિમોચન થયું.આ તકે ગુજરાતી ભવનના અધ્યક્ષ ડૉ.મનોજ જોશીએ જણાવ્યું કે મારા હમવતન નીલેશ પંડ્યા છેલ્લાં ઘણાં વર્ષોથી પત્રકારત્વ,લેખન,લોકસંગીતના ગાયન,સંશોધન,અધ્યાપન સાથે સંકળાયેલા છે.તેમનાં લોકસાહિત્ય વિષયક પુસ્તકોએ નવી ભાત પાડી છે.

ડૉ.દીપક પટેલે કહ્યું કે ધોળ જેવા વિષય પર બહુ કામ થયું નથી ત્યારે આ પુસ્તક નવી દિશા ઉઘાડનારું બની રહેશે.ડૉ.જે.એમ.ચન્દ્રવાડિયાએ જણાવ્યું કે લોકસાહિત્ય-લોકસંગીત ક્ષેત્રે સંશોધન-લેખન કરનારા વિદ્વાનો ઘણા છે પણ તેઓ ગાયક ન હોય એટલે કે સંશોધન-લેખન સાથે ગાયન કરવું 'રેર' ગણાય. નીલેશ પંડ્યા લોકગાયક પણ છે.

આ અવસરે ડૉ.પ્રભુ ચૌધરી અને ડૉ.સુનીલ જાદવે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો તો નીલેશ પંડ્યાએ પ્રતિભાવમાં પોતાની સંશોધન,લેખન,ગાયનયાત્રા વિશે વાત કરી હતી.

# રિલાયન્સ જ્વેલ્સ ડ્રીમ ડાયમન્ડ સેલ સાથે તમારા ડાયમન્ડ સ્વપ્નોને સાકાર કરો!



મુંબઈ

રિલાયન્સ જ્વેલ્સ વિશિષ્ટ ડિઝાઈન, વિશિષ્ટ કલેક્શન્સ અને વિવિધ રોમાંચક ઓફર પર ધ્યાન કેન્દ્રિત કરીને એના ગ્રાહકોને ખરીદીનો શક્ય શ્રેષ્ઠ અનુભવ આપવા કટિબદ્ધ છે. ડ્રીમ ડાયમન્ડ સેલ સાથે બ્રાન્ડ તેમના ગ્રાહકોને શ્રેષ્ઠ અને વિશિષ્ટ કામગીરી સાથે ડાયમન્ડ જ્વેલરીની ડિઝાઈનોની બહોળી રેન્જનો અનુભવ લેવાની તક પૂરી પાડે છે. ચમકદાર ડાયમન્ડ અને પરફેક્શન માટે હાથથી બનાવેલી ડિઝાઈનો સાથે ડાયમન્ડ કલેક્શન નેકલેસના સેટ, પેન્ડન્ટના સેટ, બેંગલ્સ, બ્રેસલેટ, રિંગ વગેરેમાં આકર્ષક ડિઝાઈનો પ્રસ્તુત કરે છે, જે કોઈ પણ વિશેષ પ્રસંગ માટે યાદગાર બનશે. અમારા ડ્રીમ ડાયમન્ડ સેલ દરમિયાન ડાયમન્ડ જ્વેલરી પર મોટી બચત સાથે ગ્રાહકો ખરીદી કરી શકે છે, જેમાં ડાયમન્ડના મૂલ્ય પર ૨૫ ટકા સુધી ડિસ્કાઉન્ટ મળશે. ઓફર ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી જ માન્ય છે, શરતો અને નિયમો લાગુ. આધુનિક ડિઝાઈનોથી સદાબહાર ક્લાસિક સુધી કલેક્શન દરેક માટે કશું ધરાવે છે. ડાયમન્ડના દરેક પીસ સચોટતા સાથે બનાવવામાં આવ્યાં છે અને તેમાં બારીક બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે, જે તેમને કોઈ પણ વિશેષ પ્રસંગ માટે આદર્શ પસંદગી બનાવે છે.

# ૨૦૨૧-૨૨માં ભાજપને ૧૦૦૦ હજાર કરોડની આવક તો કોંગ્રેસની ૫૪૧.૨૭ કરોડ રૂપિયા

નવીદિલ્હી,
ચૂંટણી પંચે ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને અન્ય માન્ય પક્ષોની આવક-ખર્ચના આંકડા જાહેર કર્યા છે. આ આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૧-૨૨માં આવકના મામલામાં ભાજપ નંબર વન પર છે. જ્યારે કોંગ્રેસ ભાજપથી ઘણી પાછળ છે. હકીકતમાં, ચૂંટણી પંચ દર વર્ષે રાજકીય પક્ષોના ખર્ચ અને આવકની વિગતો જાહેર કરતી હોય છે, ત્યારે દરેક પાર્ટીના ખર્ચા અને આવકની વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં બીજેપીના કરોડોના ખર્ચા બાદ પણ મોટી આવક કરતી પાર્ટી બની છે.

મળતી માહિતી મુજબ ભારતીય જનતા પાર્ટીને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં અલગ અલગ માધ્યમોથી કુલ રૂ. ૧,૯૧૭.૧૨ કરોડ રુપિયા મળ્યા હતા. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન રૂ. ૮૫૪.૪૬ કરોડનો ખર્ચ કર્યો હતો. તે સાથે ખર્ચના મુકાબલે બીજેપીએ ૧૦૬૨.૬૬ રુપિયાની આવક કરી છે. તેમજ ભાજપને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા ૧,૦૩૩.૭ કરોડ રૂપિયાનું યોગદાન પણ મળ્યું છે. આંકડાઓ પર નજર કરીએ તો ખબર પડે છે કે ભાજપની આવક ખર્ચ કરતાં લગભગ ૧૦૦૦ કરોડ વધુ છે.



વાર્ષિક ઓડિટ રિપોર્ટમાં નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કોંગ્રેસ પાર્ટીની આવક ૫૪૧.૨૭ કરોડ રૂપિયા છે. જ્યારે કોંગ્રેસનો ખર્ચ ૪૦૦.૪૧ કરોડ રૂપિયા છે. તે જ સમયે, સામ્યવાદી પક્ષને મળેલી ગ્રાન્ટ ભાજપ અને કોંગ્રેસની સરખામણીએ ઘણી ઓછી છે. તે ઉપરાંત, તૃણમૂલ કોંગ્રેસે તેની રસીદોમાં સૌથી મોટો ૬૩૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો, જે ૨૦૨૦-૨૧માં રૂ. ૭૪.૪ કરોડથી વધીને ૨૦૨૧-૨૨માં રૂ. ૫૪૫.૭ કરોડ થયો હતો. ઉપરાંત, ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે તેના વાર્ષિક ઓડિટ રિપોર્ટમાં રૂ. ૨.૮૭ કરોડની થાપણો અને રૂ. ૧.૧૮ કરોડનો ખર્ચ દર્શાવ્યો છે. ચૂંટણી પંચ દ્વારા મંગળવારે પક્ષો સંબંધિત આવક અને ખર્ચનો વાર્ષિક અહેવાલ જાહેર કરવામાં આવ્યો હતો. આ ત્રણેય આઠ માન્ય રાષ્ટ્રીય પક્ષોમાં સામેલ છે. પ્રાદેશિક પક્ષોમાં, ડીએમકેએ ૨૦૨૧-૨૨માં કુલ રૂ. ૩૧૮.૭ કરોડની આવક જાહેર કરી, ત્યારબાદ બીજેડી રૂ. ૩૦૭.૨ કરોડ,ટીઆરએસ રૂ. ૨૭૯.૪ કરોડ અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટીએ રૂ. ૯૩.૭ કરોડની આવક જાહેર કરી.

# શિવસેનાના નામ અને ચિહ્ન પરના વિવાદ પર નિર્ણય ન આવ્યો, આગામી સુનાવણી ૨૦મીએ

નવીદિલ્હી,
શિવસેના પાર્ટીના નામ અને ચિહ્ન પર કોનો અધિકાર છે? શિંદે જૂથ કે ઠાકરે જૂથ? આ મામલે આજે કેન્દ્રીય ચૂંટણી પંચ સામે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત શિવસેના પક્ષ પ્રમુખ તરીકે ઉદ્ધવ ઠાકરેનો કાર્યકાળ ૨૩ જાન્યુઆરીએ પૂરો થઈ રહ્યો છે, તે પહેલા ઠાકરે જૂથે સંગઠનાત્મક ચૂંટણી કરાવવાની પરવાનગી માંગી છે. આ મુદ્દે સુનાવણી પણ હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી પંચ હવે ૨૦ જાન્યુઆરી, શુક્રવારના રોજ આ મામલે સુનાવણી કરશે.

શિવસેનાના નામ અને ધનુષબાણના પ્રતીકને લઈને આજે નિર્ણય લેવામાં આવ્યો ન હતો. આજે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ઠાકરે જૂથ વતી દલીલો રજૂ કરી હતી. છેલ્લી સુનાવણીમાં કેન્દ્રીય ચૂંટણી પંચે શિંદે જૂથ વતી વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણીની



દલીલો સાંભળી હતી. કપિલ સિબ્બલે સૌપ્રથમ ચૂંટણી પંચને અપીલ કરી હતી કે તેઓ સુપ્રીમ કોર્ટના નિર્ણય પહેલા પોતાનો નિર્ણય ન આપે.

કપિલ સિબ્બલે કહ્યું કે શિવસેનામાં બે જૂથ હોવાની વાત કાલ્પનિક છે. કેટલાક લોકોના અલગ થવાથી પાર્ટી પર દાવો નથી થતો. આ ગેરકાયદેસર છે. સિબ્બલે કહ્યું કે શિવસેના પાર્ટીમાં રહીને જે લોકોએ તેનો ફાયદો ઉઠાવ્યો, જે લોકોએ પાર્ટી સાથે જોડાયેલી બાબતોમાં પોતાનો મત આપ્યો, તેઓ કેવી રીતે કહી શકે કે પાર્ટીમાં લોકશાહી નથી.

# દિલ્હીની ૫ સ્ટાર હોટલને ૨૩ લાખનો ચૂનો ચોપડી ભેજાબાજ ફરાર

નવીદિલ્હી,
દેશની રાજધાની દિલ્હીની ૫ સ્ટાર હોટલ લીલા પેલેસમાં એક વ્યક્તિએ ૨૩ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પોતાને યુએઈનો નાગરિક અને અબુધાબીના રાજવી પરિવારનો કર્મચારી ગણાવતા શખ્સે હોટલમાં રોકાણ બાદ ચેક-આઉટની નિર્ધારિત તારીખના બે દિવસ પહેલા જ હોટલને ચેક પકડાવી જાણ કર્યા વિના જ રફુચક્કર થઈ ગયો હતો. વ્યક્તિએ ભાડા માટે આપેલો ચેક બાઉન્સ થતા હોટલ મેનેજમેન્ટ દોડતું થયું છે. આ વ્યક્તિ હોટલમાં પરત ન ફરતાં પોલીસમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી ત્યારે જાણવા મળ્યું કે તે જાણી જોઈને ભાગી ગયો હતો. તેનો ઈરાદો હોટલનું ભાડું નહિ ચૂકવવાનો હતો. આ ઉપરાંત હોટલમાંથી કેટલીક કિંમતી સામાન પણ ચોરી લારી હોવાનું ભાર આવ્યું છે.પોલીસને શંકા છે કે તેણે હોટલમાં આપેલું આઈડી નકલી છે. હોટલના સ્ટાફને વિશ્વાસમાં લેવા તેણે અગાઉ ૧૧.૫ લાખ રૂપિયા ભાડા તરીકે આપ્યા હતા. હોટલના કર્મચારીઓને જરા પણ શંકા ન હતી કે તે વ્યક્તિ તેમની સાથે છેતરપિંડી કરીને ત્યાંથી નીકળી શકે છે. આ વ્યક્તિની ઓળખ મોહમ્મદ શરીફ તરીકે થઈ છે. હોટેલમાં તેનું ૨૩.૫ લાખ રૂપિયા બિલ બાકી છે.

હોટલ મેનેજમેન્ટ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ શરીફે હોટલ અધિકારીઓને જણાવ્યું હતું કે તે યુએઈમાં રહે છે

# જોશીમઠમાં ૨૩૭ પરિવાર શિફ્ટ, એક રૂમમાં ત્રણ-ત્રણ પરિવાર, રાત્રે સૂઈ પણ નથી શકતા

જોશીમઠ,
ઉત્તરાખંડના જોશીમઠમાં વધુ ૨૩ ઘરમાં તિરાડો પડી છે. મંગળવાર સુધી સરવે ટીમે ૮૪૯ તિરાડો ધરાવતા ઘર ઓળખીને ક્રોસ માર્ક કર્યા છે. તેમાંથી ૧૫૫ ખાનગી અને દસ વેપારી મકાન સંપૂર્ણપણે અસુરક્ષિત મનાયાં છે. આ કારણસર અત્યાર સુધી તેમાં રહેતા ૨૩૭ પરિવારને સુરક્ષિત સ્થળે ખસેડી દેવાયા છે. વિસ્થાપિત પરિવારોમાંથી ૫૮ ભાડાનાં મકાનોમાં રહેવા જતા રહ્યા છે. બાકીના લોકોની વ્યવસ્થા સરકારે કરી છે.આ દરમિયાન દર્દ અને લાચારીની પણ તસવીર સામે આવી છે. વિસ્થાપિત પરિવારોને તંત્રએ હોટલોમાં આશરો આપ્યો છે, પરંતુ મુશ્કેલી એ છે કે એક



રૂમમાં ત્રણ-ત્રણ પરિવારને રખાયા છે. તેથી તેમને સૂવાની પણ યોગ્ય જગ્યા મળતી નથી. સૌથી વધુ મુશ્કેલી એ મહિલાઓને છે, જેમનાં બાળક છ મહિના સુધીના જ છે. જોકે, રાહતની વાત એ છે કે ખાવા-પીવાની કોઈ મુશ્કેલી નથી. તમામ શિબિરો અને હોટલોમાં તંત્રએ ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત જોશીમઠનાં બજારોમાં પણ કોઈ ચીજવસ્તુની અછત નથી.

બીજી તરફ, તંત્રએ નક્કી કર્યું છે કે, જોશીમઠમાં સૌથી નીચેના હિસ્સામાં વસેલી જે.પી. કોલોનીમાં ભવિષ્યના જોખમને જોતા અસરુક્ષિત ઘરોને તોડી પડાશે.

### આગામી ચાર દિવસ જોશીમઠવાળાઓ માટે ખુબ જ મુશ્કેલભર્યા રહી શકે

ઉત્તરાખંડના જોશીમઠમાં છેલ્લા કેટલાક દિવસોથી છવાયેલા સંકટની વચ્ચે હવામાન વિભાગની આગાહીએ ચિંતા વધુ વધારી દીધી છે.હવામાન વિભાગે કહ્યું છે કે આગામી ચાર દિવસ ખુબ જ મુશ્કેલ ભર્યા રહેનાર છે.વિભાગના પૂર્વાનુમાન અનુસાર ૧૯ જાન્યુઆરીથી ૨૪ જાન્યુઆરીની વચ્ચે ચાર દિવસ(૧૯,૨૦,૨૩ અને ૨૪ જાન્યુઆરી) જોશીમઠ સહિત ચમોલી પિથૌરાગઢ વગેરે શહેરોમાં જોરદાર વરસાદ અને બરફવર્ષા થવાની આશંકા છે.

# ટેક-ઓફ પહેલા જ ભાજપ સાંસદ તેજસ્વી સૂર્યાએ ફ્લાઈટનો ઈમરજન્સી ગેટ ખોલ્યો હોવાનો દાવો!



નવીદિલ્હી,
ભારતીય એરલાઈન્સમાં અનેક ઘટનાઓથી સતત સર્જાઈ રહેલા વિવાદમાં હવે વધુ એક હાઈ પ્રોફાઈલ ચહેરાને સંડોવતો વિવાદ પ્રકાશમાં આવ્યો છે જેમાં દક્ષિણ બેંગ્લોરના ભાજપના સાંસદ અને ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ તેજસ્વી સુર્યાનું નામ ચગ્યુ છે. ગત તા.૧૦ ડિસેમ્બરના ચેન્નઈથી તિરૂચીરીપલ્લી જતી ઈન્ડીગો એરલાઈનની ફલાઈટમાં એક મુસાફરે ઉડાન સમયે જ વિમાનનો ઈમરજન્સી દરવાજો બોલી નાખતા અફડાતફડી મચી ગઈ હતી.

ઈન્ડીગોએ આ ઘટનાની વિધિવત જાણકારી આપતા તે અંગે નાગરિક ઉડ્ડયન વિભાગના ડિરેકટર જનરલને પણ રિપોર્ટ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૨ની આ ઘટનામાં ડીજીસીએ એ પણ એક નિવેદન બહાર પાડ્યું છે જેમાં જણાવાયું છે

# આખી સરકાર ૩-૪ લોકો માટે ચલાવવામાં આવી રહી છે: રાહુલ ગાંધી



### અમે દેશમાં બેરોજગારી અને મોંઘવારી મુદ્દે આ યાત્રા શરૂ કરી

કાંગડા,
કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા હિમાચલ પ્રદેશમાં પ્રવેશી છે.આ યાત્રાએ કાંગડા જિલ્લાના ઈન્દોરના મિલેવાન થઈને પ્રવેશ કર્યો હતો. આ સાથે જ હિમાચલમાં પ્રવેશ્યા બાદ રાહુલ ગાંધીએ જનસભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે ભારતીય જનતા પાર્ટી અને કેન્દ્ર પર આકરા પ્રહારો કર્યા છે.

કોંગ્રેસ સાંસદે કહ્યું કે, અમે દેશમાં બેરોજગારી અને મોંઘવારી મુદ્દે આ યાત્રા શરૂ કરી હતી. અમારો ધ્યેય પ્રેમ વહેંચવાનો છે. કેન્દ્ર પર આરોપ લગાવતા તેમણે કહ્યું કે, આખી સરકાર ૩-૪ લોકો માટે ચલાવવામાં આવી રહી છે. જે થાય છે, તે લોકો માટે થાય છે. આ આપણા ખેડૂતો, મજૂરો અને યુવાનો માટે કરવામાં આવતું નથી. ભારત સરકાર ગમે તે કરે, તે ભારતના ૨-૩ સૌથી મોટા અબજોપતિઓને મદદ કરે છે.

રાહુલે વધુમાં કહ્યું કે, યાત્રા પહેલા અમે સંસદમાં મુદ્દા ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અમને તે મુદ્દાઓ ઉઠાવવાની મંજૂરી નથી. અમે ભારતની સંસ્થાઓ દ્વારા પણ આ કરી શકતા નથી, પછી તે ન્યાયતંત્ર હોય કે મીડિયા, તે બધા ભાજપ-આરએસએસના દબાણ હેઠળ છે. તેથી અમે કન્યાકુમારીથી યાત્રા શરૂ કરી. રાહુલે કહ્યું કે અમે હિમાચલ છોડી રહ્યા છીએ અને ૩૦ જાન્યુઆરી સુધીમાં જમ્મુ-કાશ્મીર પહોંચીશું. તેમણે કહ્યું કે હું આશા સાથે હિમાચલ આવ્યો છું.રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા આજે સવારે હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લાના ઈન્દોરા સબ ડિવિઝનના મિલવાન પહોંચી છે. ત્યાં મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખૂએ તેમનું સ્વાગત કર્યું હતું. રાહુલ ગાંધીના સ્વાગત દરમિયાન સીએમ સુક્ખૂ સાથે કેબિનેટના સભ્યો પણ હાજર રહ્યા હતા.

# દિલ્હી આપના ધારાસભ્યએ વિધાનસભામાં નોટોનુ બંડલ બતાવી ભ્રષ્ટાચારનો કર્યો વિરોધ

નવીદિલ્હી,
દિલ્હીના રિથાલાના આપ ધારાસભ્ય મોહિન્દર ગોયલે વિધાનસભામાં લાંચ તરીકે મળેલી ચલણી નોટોના બંડલ બતાવ્યા. સમગ્ર મામલાની માહિતી આપતા ધારાસભ્યએ કહ્યું કે બાબા સાહેબ આંબેડકર હોસ્પિટલમાં નર્સિંગ સહિત ઘણી જગ્યાઓ પર ભરતી માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આમાં મોટા પાયે નાણા એકત્ર કરવામાં આવે છે.

આપ ધારાસભ્યએ કહ્યું કે હોસ્પિટલમાં વિવિધ પદો પર ભરતી માટે સરકારની કલમ છે કે ૮૦ ટકા જૂના કર્મચારીઓને જાળવી રાખવા પડશે, પરંતુ આવું થતું નથી. તે મોટા પાયે એકત્રિત કરવામાં આવે છે. કામ મળ્યા બાદ પણ કર્મચારીઓને પુરી રકમ મળતી નથી. કોન્ટ્રાક્ટરો તેમની પાસેથી ઘણા પૈસા પડાવે છે. આ બાબતને લઈને કર્મચારીઓ હડતાળ પર બેઠા હતા, જ્યાં તેમની સાથે મારપીટ કરવામાં આવી હતી.

મોહિન્દર ગોયલના જણાવ્યા અનુસાર, તેમણે આ અંગે ડીસીપી, મુખ્ય સચિવ અને ઉપરાજ્યપાલને પણ ફરિયાદ કરી હતી. તેઓએ ધારાસભ્યને પણ સામેલ કરવા માટે મને સમજાવવાનો પ્રયાસ કર્યો. ખુલાસો માટે, મેં તેમની સાથે સેટિંગ કર્યું અને ડીસીપીને જાણ કરી કે મને ૧૫ લાખની લાંચની રકમ આપવામાં આવી રહી છે અને હું તેમને રંગે હાથે પકડવા માંગુ છું, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. હું મારા જીવને જોખમમાં મૂકીને આ કામ કરી રહ્યો છું, તેઓ એટલા પ્રભાવશાળી લોકો છે.

# અજીત ડોભાલની પત્નીને ચરમપંથીઓ માટે પહેલીવાર સુઅરનું માસ પકાવવું પડયું હતું

નવીદિલ્હી,
ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર(એનએસએ) અજીત ડોભાલની ઓળખ એક ફાયરબ્રાન્ડ જાસુસ અને રક્ષા નિષ્ણાંત તરીકે રહી છે.તેમના કામની પ્રશંસા કાશ્મીરથી લઇ પંજાબ અને નોર્થ ઈસ્ટ સુધી થઇ છે.મિઝોરમમાં ફીલ્ડ મેનના રૂપમાં કામ કરતા અજીત ડોભાલના ભૂમિગત થઇ ચુકેલા લોકોથી સારા સંબંધ હતાં.

એક અખબારે વર્ષ ૨૦૦૬માં અજીત ડોભાલનું એક ઇટરવ્યું છાપ્યું હતું તે મુલાકાતમાં ડોભાલે એક ખુબ જ હતપ્રભ કરનારી ઘટના બાબતે જણાવ્યું હતું હકીકતમાં તેમણે એક વાર મિઝો નેશનલ ફ્રંટના વિદ્રોહીઓને પોતાના ઘરે ભોજન માટે બોલાવ્યા હતાં લાલડેંગાના નેતૃત્વવાળા આ ફ્રંટને ત્યાર ખુબ ખતરનાક માનવામાં આવતુ હતું ડોભાલ ખુદ જણાવે છે કે ભોજન પર વિદ્રોહી પોતાની સાથે ભારે હથિયારો લઇને આવ્યા હતાં ત્યારે ડોભાલે તેમને આશ્વાસન આપ્યું હતું કે તે તમામ સુરક્ષિત છે.તેનાથી પણ રસપ્રદ વાત એ છે કે અજીત ડોભાલની પત્નીએ તે વિદ્રોહીઓ માટે સુઅરનું માંસ બનાવ્યું હતું જયારે આ પહેલા તેમણે કયારેય સુઅરનું માંસ પકાવ્યું ન હતું. લાલડેંદા દ્વારા બનાવવામાં આવેલ મિઝો નેશનલ ફ્રંટ ૬૦ના દાયકામાં સશસ્ત્ર સંઘર્ષ માટે જાણીતા હતાં લાલડેંગો મિઝો ક્ષેત્રની વસ્તી માટે ૧૬ વર્ષ સુધી ગુરિલ્લા આંદોલન ચલાવ્યું હતકું ૧૯૮૬માં ભારત સરકાર અને મિઝો નેશનલ ફ્રંટની વચ્ચે મિઝોરમ શાંતિ સમજૂતિ થઇ આ મિઝોરમમાં વિદ્રોહ અને હિંસાને સમાપ્ત કરવા માટે એક સત્તાવાર સમજુતિ હતી જે ૧૯૬૬માં શરૂ થઇ હતી.બીબીસીએ પોતાના એક રિપોર્ટમાં કરાંચીમાં ભારતના કાઉસિલ જનરલ રહેલ જી પાર્થસાર્થીના હવાલા પરથી જણાવ્યું હતું કે અજીત ડોભાલે જ સૌથી પહેલા નવાજ શરીફનો સંપર્ક સ્થાપિત કર્યો હતો વર્ષ ૧૯૮૨માં ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાન પ્રવાસ પર ગઇ હતી જયારે ટીમ લાહૌર પહોંચી તો અજીત ડોભાલના જ કહેવાત પર નવાજ શરીફે પોતાના ઘરની લોમાં ભારતીય ખેલાડીઓને દાવત આપી હતી.

# સરકારી કર્મચારીના મૃત્યુ બાદ દત્તક લીધેલું બાળક ફેમિલી પેન્શન મેળવવા માટે હકદાર નથી: સુપ્રીમ



નવીદિલ્હી
સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સરકારી કર્મચારીની વિધવા દ્વારા તેના પતિના મૃત્યુ પછી દત્તક લીધેલું બાળક ફેમિલી પેન્શનનો હકદાર નહીં હોય. સર્વોચ્ચ અદાલતે આ સમયગાળા દરમિયાન હિન્દુ દત્તક અને જાળવણી અધિનિયમ, ૧૯૫૬ નો ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે કાયદાની કલમ ૮ અને ૧૨ હિંદુ મહિલા, જે સગીર નથી અથવા સ્વસ્થ મનની નથી, તેને પોતાના અધિકારમાં પુત્ર અથવા પુત્રીને દત્તક લેવાની મંજૂરી આપે છે.

કોર્ટે નોંધ્યું હતું કે આ કાયદો જોગવાઈ કરે છે કે એક હિંદુ મહિલા જેનો પતિ પણ છે તે તેના પતિની સ્પષ્ટ સંમતિ વિના બાળકને દત્તક લઈ શકતી નથી. જો કે, હિન્દુ વિધવાના મહિલાના સંદર્ભમાં આવી કોઈ શરત લાગૂ નથી પડતી. આ ઉપરાંત આવી કોઈ પૂર્વશરત છૂટાછેડા લીધેલી હિન્દુ વિધવા અથવા હિન્દુ સ્ત્રી કે જેના પતિએ લગ્ન પછી આખરે સંસારનો ત્યાગ કર્યો હોય અથવા જેને સક્ષમ અદાલતે અસ્વસ્થ મનની હોવાનું જાહેર કર્યું હોય તેના સંબંધમાં આવી કોઈ પૂર્વશરત લાગુ પડતી નથી.જસ્ટિસ કેએમ જોસેફ અને બીવી નાગરત્નાની બેન્ચે ૩૦ નવેમ્બર, ૨૦૧૫ના બોમ્બે હાઈકોર્ટના આદેશને સમર્થન આપ્યું હતું. તેમાં એવું રાખવામાં આવ્યું હતું.

# ખાલિસ્તાનીઓનું ઘૃણાસ્પદ કૃત્ય, રેલી યોજી સ્વર્ગસ્થ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના મૃત્યુની કરી ઉજવણી

## આગામી ૨૯ તારીખે પણ ફરી પ્રદર્શનનું એલાન

સિડની,
ઓસ્ટ્રેલિયામાં હાલ હિંદુઓ માટે પરિસ્થિતિ વણસી રહી છે. ખાલિસ્તાન સમર્થકો અહીં સતત પ્રદર્શન કરી રહ્યા છે. ૧૫ જાન્યુઆરીના રોજ, ખાલિસ્તાનીઓએ એક વિશાળ રેલી કાઢી અને ભારતના પ્રથમ મહિલા વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના હત્યારાઓને મહિમા આપ્યો હતો. ૬ જાન્યુઆરી ૧૯૮૯ના રોજ ઈન્દિરાના હત્યારા સતવંત સિંહ અને કેહર સિંહને ફાંસી આપવામાં આવી હતી. ખાલિસ્તાન સમર્થકોની આ રેલીમાં ઈન્દિરા ગાંધીના આ બે હત્યારાઓનો મહિમા ગાવામાં



આવ્યો હતો. રેલીમાં, કાર અને ટ્રકમાં બંને ઈન્દિરા ગાંધીના હત્યારાઓના લાઈફ સાઈઝ પોસ્ટર તેમજ ભિંડરાનવાલેના પોસ્ટર હતા. ભિંડરાનવાલેએ પંજાબમાં શીખ રાજયની સ્વાયત્તતા માટે અભિયાન ચલાવ્યું હતું. રેલીના આયોજકોએ પણ "ધ લાસ્ટ બેટલ"ની જાહેરાત કરી. તેઓ ૨૯ જાન્યુઆરીએ મેલબોર્નમાં ખાલિસ્તાન જનમત સંગ્રહ અંગે મતદાન કરવા જઈ રહ્યા છે.

ઓસ્ટ્રેલિયાના હિન્દુ મીડિયાએ ટ્વિટર પર પોસ્ટર શેર કર્યું છે. તેમાં લખ્યું હતું કે, પ્લમ્પટન ગુરુદ્વારા આ પોસ્ટરમાં ઈન્દિરા ગાંધીના હત્યારાઓને મહિમા આપે છે. આ કેવી રીતે ચેરિટી વર્ક બની ગયું. ઑસ્ટ્રેલિયામાં નફા માટે નહીં પણ ચેરિટી કરો આવા કામોને યોગ્ય ગણો.નોંધનીય છે કે ખાલિસ્તાન જનમત મતને લઈને ભારતે ઘણી વખત ઓસ્ટ્રેલિયન સરકાર સામે સખત વાંધો ઉઠાવ્યો છે. જોકે ઓસ્ટ્રેલિયન સરકારે ખાલિસ્તાન જનમત અભિયાન પર પ્રતિબંધ મુકવા માટે હજુ સુધી કોઈ પગલું ભર્યું નથી.

# રાજસ્થાનમાં રાજસમંદની સગીરા સાથે સતત ૫ દિવસ ગેંગરેપ : સાતની ધરપકડ

જયપુર,
રાજસ્થાનના રાજસમંદથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. એક સરકારી કર્મચારી સહિત ૭ હેવાનોએ એક સગીરા સાથે સતત ૫ દિવસ સુધી દુષ્કર્મ આચર્યું છે. આ મામલો રાજસમંદ જિલ્લાના કેલવાડા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે, જ્યાં ૫ જાન્યુઆરીએ સગીરાના પિતાએ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.રિપોર્ટમાં પીડિતાના પિતાએ જણાવ્યું હતું કે છોકરી ૪ જાન્યુઆરીએ તેમના ઘરે પહોંચી ન હતી, જેના પર પીડિતાના પિતાએ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુદ્દે પોલીસે બાળકીની શોધ શરૂ કરી હતી, ત્યારબાદ ૧૦ જાન્યુઆરીએ ઉદેપુરમાં બાળકી ત્યજી દેવાયેલી અવસ્થામાં મળી આવી. પોલીસે સગીરાનું નિવેદન નોંધતાં પોલીસના હોશ ઉડી ગયા હતા. નિવેદનમાં પીડિતાએ કહ્યું કે ૪ જાન્યુઆરીએ જયારે તે એક પરિચિતને મળવા ઉદયપુર પહોંચી હતી, ત્યારે એક ઓટો ડ્રાઈવરે તેને ભોળવીને ધર્મશાળા લઈ ગયો હતો. જ્યાં તેણે તેના પર દુષ્કર્મ આચર્યું હતું. ૨ દિવસ સુધી અલગ-અલગ લોકો તેની સાથે દુષ્કર્મ આચરતા રહ્યાં. જ્યારે સગીરા અહીંથી બહાર આવી ત્યારે કેટલાક આરોપીઓ તેને પોતાની સાથે માવલી પાસે લઈ ગયા અને ત્યાં પણ તેની સાથે દુષ્કર્મ આચર્યું.આ બાબતે રાજસમંદના અધિક પોલીસ અધિક્ષક શિવ લાલ બરવાએ કહ્યું કે બાળકીની શોધ માટે વિવિધ પોલીસ ટીમો બનાવવામાં આવી છે. આ કેસમાં પોલીસે રોડવેઝ વિભાગના સરકારી કર્મચારી સહિત કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે.

# રાજકોટ જિલ્લાની ૩૦૦૦ શાળાઓનો સમય આજથી ૮ વાગ્યાનો કરાયો

## વિદ્યાર્થીઓને ૮ પહેલા બોલાવતી શાળા સામે માન્યતા રદ સુધીની થશે કાર્યવાહી

## એજ્યુકેશન ઈન્સ્પેક્ટર સહિતની ટીમ તપાસ માટે મોકલાઈ: જિલ્લા શિક્ષણાધિકારી

રાજકોટ, તા. ૧૯

રાજકોટ શહેરની એક વિદ્યાર્થીનીનું હૃદય બંધ પડી ગયા બાદ તેનો મોત નીપજ્યું હતું જે ઘટના બાદ હવે તંત્ર જાગ્યું છે અને જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા રાજકોટ જિલ્લાની ૩૦૦૦ શાળાઓમાં સવારની પાળીમાં વિદ્યાર્થીઓને આઠ કે આઠ વાગ્યા પછી જ બોલાવવા આદેશ કરાયો છે.

જસાણી સ્કુલમાં ધોરણ આઠમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી ૧૬ વર્ષની રિયા કિરણભાઈ સાગર મંગળવારે સવારે ૦૭:૦૦ વાગ્યે સ્કૂલે પહોંચ્યા બાદ અન્ય વિદ્યાર્થીનીઓ સાથે વાતો કરતી હતી ત્યારે અચાનક તેણીને ચક્કર આવતા બેભાન થઈ ગઈ હતી. જે બાદ વિદ્યાર્થિનીને નજીકની એચ.જે. દોશી હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે તબીબોએ વિદ્યાર્થિનીને મૃત જાહેર કરી હતી.



તસવીર : દિલિપ ગોહેલ

દરમિયાન આજે જિલ્લા શિક્ષણ અધિકારી બી.એસ. કૈલાએ શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકની ટીમ તપાસ માટે સ્કૂલમાં મોકલી હતી તેમના દ્વારા અન્ય વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શાળાના શિક્ષકો સહિતના નિવેદન લેવામાં આવ્યા હતા. DEOએ કહ્યું કે હવે સવારે આઠ વાગ્યા પહેલા જે શાળાઓ વિદ્યાર્થીઓને બોલાવશે તેવી શાળાઓની માન્યતા રદ સુધીના પગલાં લેવામાં આવશે. સાથે જ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ સ્કૂલના સ્વેટર ઉપર જેકેટ પણ પહેરી શકશે.

## નબળી ક્વોલિટીના સ્વેટર સામે વિરોધ: એન એસ યુ આઈ

શિયાળાની કાતિલ ઠંડી વચ્ચે એક વિદ્યાર્થીનીનું હૃદય બેસી જતા મૃત્યુની ગંભીર ઘટના બાદ વિદ્યાર્થી સંગઠન એન એસ યુ આઈ ના કાર્યકરો સાથે આજે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ખાતે પહોંચ્યા હતા અને શિયાળામાં સવારની પાળીમાં મોડો સમય કરવાની માંગ સાથે હલ્લાબોલ કર્યો હતો અને નબળી ગુણવત્તાના સ્વેટરનો પણ વિરોધ કર્યો હતો.



## હવે ૮ દિવસ ઠંડીમાં રાહત:રાજકોટમાં તાપમાન ઊંચકાયું

### પવનની ઝડપ પણ ઘટી, સૌરાષ્ટ્રમાં મહત્તમ તાપમાન પણ ઊંચકાયું



રાજકોટ, તા. ૧૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ૩-૪ દિવસ સુધી કાતિલ ઠંડી રહ્યા બાદ બુધવારે તાપમાનનો પારો ઊંચકાયો હતો. અને કાતિલ ઠંડી થોડી ઠંડી પડી હતી. કેશોદ અને અમરેલીમાં ૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. લઘુતમની સાથે મહત્તમ તાપમાન પણ ઊંચકાયું હતું અને પવનની ઝડપ ઘટી હતી. હવામાન ખાતાના જણાવ્યા મુજબ હવે આઠ દિવસ સુધી ડબલ ડિજિટમાં તાપમાન રહેશે.

બુધવારે અમરેલીમાં ૮.૪, ભાવનગરમાં ૧૨, દ્વારકા ૧૫, ઓખા ૧૭.૯, પોરબંદર ૧૨, રાજકોટ ૧૦.૯, વેરાવળ-દીવ ૧૨, સુરેન્દ્રનગર ૧૨.૫, મહુવા ૧૦.૧ ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું હતું. જ્યારે મહત્તમ તાપમાન સૌથી વધુ મહુવામાં ૩૧.૨ ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા ત્રણ દિવસથી લોકો સતત ઠંડીમાં ઠૂંઠવાયા હતા. ઠંડીથી બચવા માટે લોકો શાલ, સ્વેટરમાં ઢબૂરાયા જોવા મળ્યા હતા.

શાળા-કોલેજમાં પણ બાળકોની હાજરી ઓછી જોવા મળતી હતી. તેમજ યાર્ડમાં શાકભાજી- જણસીની આવક ઘટી હતી. બુધવારે યાર્ડમાં વિવિધ જણસીની આવક પણ વધી હતી. વેપારીઓના જણાવ્યાનુસાર જો ઠંડી હવે ઓછી પડશે તો આવક યથાવત્ રહેશે. સમગ્ર ગુજરાતમાં સૌથી નીચું તાપમાન નલિયામાં ૩.૮ ડિગ્રી રહ્યું હતું. જ્યારે ડીસામાં ૮.૮, ગાંધીનગરમાં ૯.૪, ભુજ ૯.૨, કંડલા પોર્ટ પર ૯.૧ ડિગ્રી લઘુતમ તાપમાન હતું.

## દંપતીની નજર સામે તેમના નવ માસના પુત્રનું મોત

રાજકોટ, તા. ૧૯

ચોટીલા નજીક બાઈકને કોઈ અજાણ્યા વાહને ઠોકરે લેતા રાજકોટનું દંપતી અને તેનું નવ માસનું બાળક બાઈક પરથી ફંગોળાયા હતા, ગંભીર રીતે ઘવાયેલા બાળકનું મોત નીપજ્યું હતું, જ્યારે દંપતીને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયું હતું.

મોરબી રોડ પરના ગણેશપાર્ક મેઈન રોડ પર રહેતા કમલેશભાઈ શાપરા (ઉ.વ.૨૫), તેમના પત્ની શારદાબેન (ઉ.વ.૨૨) અને પુત્ર દીક્ષિત (નવ માસ) મંગળવારે બાઈક પર ચોટીલા ગયા હતા અને સાંજે પાંચેક વાગ્યે ચોટીલાથી પરત બાઈક પર રાજકોટ આવવા નીકળ્યા હતા, કમલેશભાઈ અને તેનો પરિવાર ચોટીલાથી થોડે દૂર જ રાજકોટ તરફ પહોંચ્યા હતા.ત્યારે પુરપાટ ઝડપે ધસી આવેલા કોઈ અજાણ્યા વાહને બાઈકને ઠોકર મારી હતી. વાહનની ઠોકરથી કમલેશભાઈ, તેમના પત્ની શારદાબેન અને માસૂમ બાળક દીક્ષિત રસ્તા પર ફંગોળાયા હતા, અકસ્માત સર્જી અજાણ્યો વાહનનો ચાલક નાસી ગયો હતો, ઘટનાને પગલે લોકો એકઠા થઈ ગયા હતા.

ઘવાયેલા શાપરા પરિવારના ત્રણેય સભ્યને રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ ટૂંકી સારવાર દરમિયાન માસૂમ દીક્ષિતનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. વહાલસોયા પુત્રનાં મોતથી શાપરા દંપતીએ કરેલા આક્રંદથી ગમગીની છવાઈ ગઈ હતી. ચોટીલા પોલીસે જીવલેણ અકસ્માત સર્જનાર વાહનચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી હતી.

## રાજકોટ સ્કૂલમાં વિદ્યાર્થિનીના મૃત્યુના મામલે રાજ્ય સરકાર એક્શનમાં, માગ્યો અહેવાલ

### તાત્કાલિક સારવાર ન મળતાં બાળકીનું મૃત્યુ થયુ છે: પરિવારજનો પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ આ ઘટના અંગે વધુ જાણકારી મળશે



રાજકોટ, તા. ૧૯

રાજ્યમાં છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ગગડતા રાજ્યભરમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. ત્યારે ગઈકાલ રાજકોટના ગોંડલ રોડ પર આવેલી એ. વી. જસાણી સ્કૂલમાં ધોરણ ૮માં ભણતી એક વિદ્યાર્થિનીનું મોત થયુ હતું. ધોરણ ૮ની આ વિદ્યાર્થિનીને ધ્રુજારી આવ્યા બાદ બેન્ચ પરથી ઢળી પડી હતી અને એ પછી તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. આ બાબતે પરિવારજનોએ આરોપ કરતા કહ્યુ હતું કે ઠંડીના કારણે બાળકીને હાર્ટ અટેક આવ્યો હતો અને તેનો તાત્કાલિક સારવાર ન મળતાં બાળકીનું મૃત્યુ થયુ છે.

આ ઘટના બાદ આજે રાજ્ય સરકાર પણ હરકતમાં આવી છે અને આ સમગ્ર ઘટના બાબતે સ્કૂલ પાસેથી રિપોર્ટ માગ્યો છે. બાળકીના મૃતદેહને પીએમ માટે લઈ જવાયો છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ આ ઘટના અંગે વધુ જાણકારી મળશે અને એ પછી જ આગળની દિશામાં કાર્યવાહી કરવામાં આવશે.

## રાજકોટ શહેરમાં મનપાના અનામત પ્લોટમાં થયેલા દબાણો દૂર કરાયા : બાંધકામોનો કડુસલો

### વેસ્ટ ઝોન ટી.પી. શાખાએ ૨ ઓરડી - ૪૦ ઝુપડા તોડી ૧૨૯ કરોડની કિંમતી જમીન ખુલ્લી કરાવી



રાજકોટ, તા. ૧૮

રાજકોટ શહેરના વિવિધ વિસ્તામરોમાં મનપાના અનામત પ્લોનટમાં ગેરકાયદેસર દબાણ ખડકી દેવાતા તંત્રએ લાલ આંખ કરી ડીમોલેશન હાથ ધરેલ. જેમાં શીતલ પાર્ક ચોક તથા રામ પાર્ક વિસ્તારરમાંથી ઓરડી તથા ઝુપડાઓ ઉપર બુલડોઝર ફેરવી રૂા. ૧૨૯ કરોડની ૧૭૪૩૩.૦૦ ચો.મી. કિંમતી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

મનપાની સત્તાવાર યાદીમાં જણાવ્યાડ મુજબ ટાઉન પ્લા૦નીંગ શાખા દ્વારા વેસ્ટ ઝોન કચેરી હેઠળના વિસ્તા રમાં કમિશ્નર અમીત અરોરાના આદેશાનુસાર ટાઉન પ્લાણનીંગ ઓફિસર એમ. ડી. સાગઠીયા ના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજે ટાઉન પ્લાફનીગ સ્કીમ નં.૯-(અંતિમ)?તથા ૭-નાનામવા(અંતિમ)ના અમલીકરણના ભાગરૂપે તથા રાજકોટ મહાનગરપાલિકાને પ્રાપ્ત થતા અનામત પ્લોલટમાં થયેલ ગેરકાયદેસર દબાણ/બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૭૪૩૩.૦૦ ચો.મી.ની અંદાજીત ૧૨૯?કરોડ?ની જમીન ખુલ્લી કરાવેલ છે.

જેમાં વોર્ડ નં. ૧ ની ટી.પી. સ્કીચમ નં.૯-રાજકોટ, અંતિમ ખંડ નં.સી-૭ (વાણીજય વેંચાણ), શીતલ પાર્ક ચોક, વન વર્લ્ડ ની બાજુમાં, ૧૫૦' રીંગ રોડ,રાજકોટ ખાતેથી ૨ ઓરડી તોડી પાડી ૧૨૫૩૩ ચો.મી.ની ૧૦૦ કરોડની જમીન ખુલ્લી કરાવાયેલ.

જયામરે વોર્ડ નં. ૧૧માં ટી.પી. સ્કીઓમ નં.૭-નાનામવા, અંતિમ ખંડ નં.૩/૩/એ (રહેણાંક વેંચાણ), ધોળકિયા સ્કુરલ પાછળ, રામપાર્ક ની બાજુમાં, ૧૫૦' રીંગ રોડ, રાજકોટ ખાતે ૪૦ અસ્થાદયી ઝુંપડા હટાવી ૪૯૦૦ ચો.મી.ની ૨૯ કરોડની જગ્યાવ હસ્તાગત કરાયેલ.

આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનનીંગ શાખા વેસ્ટા ઝોનના આસી. ટાઉન પ્લા૦નર એમ. આર.? મકવાણા,?આર. એમ. વાછાણી તથા વેસ્ટન ઝોનનો તમામ ટેકનીકલ સ્ટોફ,?જગ્યા રોકાણ શાખાનો સ્ટા ફ, રોશની શાખાનો સ્ટાફ તેમજ કાયદો અને વ્યલવસ્થાો જળવાઈ રહે તે માટે વિજિલન્સાનો પોલીસ સ્ટાંફ સ્થ ળ પર હાજર રહેલ.

## રાજકોટમાં વધુ એક હનીટ્રેપની ઘટના:લગ્નની લાલચ આપી હનીટ્રેપમાં ફસાવી ૫૫,૦૦૦ પડાવ્યાં :૩ ની ધરપકડ કરી

રાજકોટ, તા. ૧૯

રાજકોટમાં વધુ એક હનીટ્રેપની ઘટના સામે આવી છે. જેમાં લગ્નની લાલચ આપી અપહરણ કરી હનીટ્રેપમાં ફસાવી બળજબરીથી ૫૫,૦૦૦ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા, જે ફરિયાદ આધારે પોલીસે બે મહિલા સહીત ૩ આરોપીની ધરપકડ કરી અન્ય એકની શોધખોળ હાથ ધરી છે.

આરોપી સોનલે ફરિયાદી સાથે સંપર્ક સાધી ૫ મહિના બાદ લગ્નની લાલચ આપી હતી અને પૂર્વ આયોજીત કાવતરૂ કરી સોનલ પટેલ તેની સાથે આરોપી જાનકીને ફરિયાદીના ઘરે લગ્ન સબંધ કરાવવા બહાને છોકરી તરીકે બતાવવા લઈ જઈ ત્યાં ફરિયાદી તથા જાનકી બેઠા-બેઠા વાતો કરતા હતા. તે દરમ્યાન અન્ય આરોપીઓ જીતુદાન ઉર્ફે ભુરો તથા ચીરાગ ઉર્ફે લાલો બન્ને ફરીયાદી તથા આરોપી જાનકી બન્નેના મોબાઈલ ફોનમાં ફોટા પાડી ફરીયાદીને બન્ને ગાલોમાં તથા કાનના ભાગે તથા માથાના ભાગે જાપટો મારી હોન્ડા સીટી કારમાં ફરીયાદીના ઘરેથી બળજબરીથી અપહરણ કરી લઈ ગયા હતા.



આરોપીઓએ ફરિયાદીનું અપહરણ કરી બાદમાં તેને માર મારવાની ધમકી આપી કોટક મહીન્દ્રા બેન્કના છ્સ માંથી રૂ.૫૦ હજાર બળજબરી થી કઢાવી તથા ઘરે લઈ જઈ સર સામાન વેર વીખેર કરી રૂ.૫ હજાર મળી કુલ રૂ.૫૫ હજાર લઈ જઈ વધુ રૂ.૪૫ હજાર ૨ દિવસમાં નહી આપે તો આરોપી જાનકી સાથે પાડેલ ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. આ ફરિયાદ આધારે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે હનીટ્રેપ અને અપહરણની ફરિયાદમાં આરોપી સોનલ ભંડેરી, જાનકી ઉપરા અને જીતુદાન ઉર્ફે ભૂરો જેસાણીની ધરપકડ કરી ફરાર આરોપી ચિરાગ ઉર્ફે લાલો ભરવાડની શોધખોળ હાથ ધરી છે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર
આઝાદી નો અમૃત મહોત્સવ
ગુડ સમેરિટન એવોર્ડ







"અકસ્માતના સ્થળ પર ફક્ત દર્શક નહીં, પીડિતોના રક્ષક બનીએ."
-શ્રી હર્ષ સંઘવી, મંત્રી રાજ્યકક્ષા, વાહનવ્યવહાર (સ્વતંત્ર હવાલો)

સરકારની નવી યોજના અંતર્ગત માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને પ્રથમ કલાક (ગોલ્ડન અવર)ની અંદર હૉસ્પિટલ/ટ્રોમા કેર સેન્ટરમાં સારવાર માટે પહોંચાડવામાં મદદરૂપ થનાર વ્યક્તિ એટલે કે ગુડ સમેરિટનને રોકડ પુરસ્કાર તથા પ્રશંસાપત્ર આપવામાં આવશે.

- માર્ગ અકસ્માતમાં ગંભીર ઇજા પામેલા પીડિતોને મદદરૂપ થનાર ગુડ સમેરિટનને ₹ ૫૦૦૦ રોકડ પુરસ્કાર અને પ્રશંસાપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત શ્રેષ્ઠ કામગીરી કરનાર ગુડ સમેરિટનને રાષ્ટ્રીય કક્ષાએ ₹ ૧ લાખ પુરસ્કાર માટે પસંદગીની પણ તક મળશે.
- રોકડ પુરસ્કાર માટે ગુડ સમેરિટનની પસંદગી જિલ્લા સ્તરની અપ્રેઈઝલ કમિટી દ્વારા કરવામાં આવશે તથા રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ માટેના નામાંકન મોકલવા માટે ગુડ સમેરિટનની પસંદગી રાજ્ય સ્તરની અપ્રેઈઝલ કમિટી દ્વારા કરવામાં આવશે.
- રોકડ પુરસ્કાર ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા સીધા ગુડ સમેરિટનના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

વધુ વિગતો માટે www.morth.nic.in વેબસાઈટ વિઝિટ કરો અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરો

કોઈ પ્રશ્ન પણ નહીં પૂછે ને કોઈ નહીં રંજાડે જે ઘાયલને તરત લઈને હૉસ્પિટલે પહોંચાડે

GUJARAT Road Safety Authority Each Road, Safe Road
ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી
બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, ગુજરાત સરકાર
GRSAofficial